# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૪ * અંક-૧૦ * ઓગસ્ટ, ૨૦૨૦



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જો પ્રશ્ન કરવામાં આવે કે પરમ સમાધિ દુર્લભ કેમ છે ? સમાધાન—તેને (—પરમ સમાધિને) રોકનાર મિથ્યાત્વ, વિષય, કષાય, નિદાનબંધ આદિ વિભાવ-પરિણામોનું (જીવમાં) પ્રબલપણું છે તેથી (પરમસમાધિ દુર્લભ છે). માટે તે (—પરમસમાધિ) જ નિરંતર ભાવવા યોગ્ય છે. તેની ભાવના રહિત જીવોનું ફરી ફરી સંસારમાં પતન થાય છે. કહ્યું છે કે :—જો મનુષ્ય અત્યંત દુર્લભ એવી 'બોધિ' ને પામીને પણ પ્રમાદી થાય છે તો તે બિચારો સંસારરૂપી ભયંકર વનમાં લાંબા સમય સુધી ભ્રમણ કરે છે. ૧૮૧૦. (શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતિદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૩૫)

● જે ધર્માત્મા થઈને નિદાન કરે છે તે સમુદ્રમાં ગમન કરતી, અનેક રત્નોથી ભરેલી નાવને લોખંડને માટે તોડે છે તથા દોરાને માટે મણિમય હારને તોડે છે તથા રાખને માટે ગોસીર નામના દુર્લભ ચંદનને બાળે છે. ૧૮૧૧.

(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૨૨૩)

● હે ભાઈ ભવ્ય ! સાંભળો. જ્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ રહે છે ત્યાં સુધી બંધ થતો નથી અને મિથ્યાત્વના ઉદયમાં અનેક બંધ થાય છે, એવી ચર્ચા સાંભળીને તમે વિષયભોગમાં લાગી જાવ, તથા સંયમ, ધ્યાન, ચારિત્રને છોડી દો અને પોતાને સમ્યક્ત્વી કહો તો તમારું આ કહેવું એકાન્ત મિથ્યાત્વ છે અને આત્માનું અહિત કરે છે. વિષયસુખથી વિરક્ત થઈને આત્મ-અનુભવ ગ્રહણ કરીને મોક્ષસુખ સન્મુખ જુઓ, એવી બુદ્ધિમત્તા તમને શોભા આપશે. ૧૮૧૨.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ-૪૦)

● જૈસે નક્ષત્રોંકો છિપાનેવાલે સૂર્યકે દ્વારા સબકી આંખોંમેં દેખનેકી શક્તિકો રોકનેવાલે ઔર સુખકો હરનેવાલે અંધકારકે સમૂહ નાશ કર દિયે જાતે હૈં વૈસે હી સંસારકો નાશ કરનેવાલે જિનશાસન યા જૈનધર્મકે દ્વારા મરણ, જન્મ, ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, ભય, રોગ, મનકા ક્લેશ, શોક આદિ એકદમ દૂર કર દિયે જાતે હૈં. ૧૮૧૩. (શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૯)

● જૈસે પાષાણ જલમેં બહુતકાલ તક રહને પર ભી ભેદકો પ્રાપ્ત નહીં હોતા હૈ વૈસે હી સાધુ ઉપસર્ગ પરીષહોંસે નહીં ભિદતા હૈ. ૧૮૧૪.

(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૯૫)

વર્ષ–૧૪
અંક–૧૦




વિ. સંવત
૨૦૭૫
August
A.D. 2020

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૭મી જન્મજયંતી પ્રસંગે તેમની જ્ઞાનધારામાંથી વીણેલાં

# આત્માર્થપોષક વચનામૃત

## મનુષ્યજીવનનું કર્તવ્ય શું?

મનુષ્યજીવનની અંદર ચૈતન્ય તત્ત્વ જુદું છે અને આ પરદ્રવ્ય જુદું છે એવું ભેદજ્ઞાન કરવાનું છે. અંતરમાં વિભાવો સાથે એકત્વબુદ્ધિ થઈ રહી છે તે તોડવાની છે. હું જુદો ચૈતન્ય જ્ઞાયક છું, જ્ઞાન-આનંદાદિ અનંત ગુણસ્વરૂપ આત્મા છું. તેના ઉપર દૃષ્ટિ કરીને હું શાશ્વત ચૈતન્યજ્યોત છું એમ વારંવાર તેનું રટણ-મનન કરવાનું છે. ભેદજ્ઞાન પ્રગટ કરીને નિર્વિકલ્પ તત્ત્વ આત્મા છે તેની સ્વાનુભૂતિ પ્રગટ કરવાની છે. પૂજ્ય ગુરુદેવે જે બતાવ્યું છે તે કરવાનું છે. એક જ માર્ગ છે. શ્રીમદે કહ્યું છે ને? "એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ" –પરમારથનો પંથ એક જ છે—ચૈતન્ય તત્ત્વને ઓળખો, તેની સ્વાનુભૂતિ પ્રગટ કરો. ભેદજ્ઞાન પ્રગટ કરો તેમ પૂજ્ય ગુરુદેવે કહ્યું છે અને તે કરવાનું છે.

"આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે."

આમાં સદા પ્રીતિ કર,–તેમાં પ્રીતિવંત બન; તેમાં સંતુષ્ટ થા;–સંતોષ તેમાં જ છે, બીજે ક્યાંય સંતોષ નથી–બીજે અસંતોષ છે, બીજે ક્યાંય તને શાંતિ નહિ મળે, આત્મામાં જે સંતોષ-શાંતિ-આનંદ છે તે બીજે ક્યાંય નથી. "આનાથી બન તું તૃપ્ત" આમાં જ તું તૃપ્તિ પામ–તૃપ્તિ તેમાં જ છે, બીજે ક્યાંય નથી. તૃપ્તિપણું જે છે તે બધું આત્મામાં જ છે, તેમાં જ તને તૃપ્તિ મળશે, બીજે ક્યાંય મળશે નહીં. "સુખ અહો! ઉત્તમ થશે" ઉત્તમ સુખની પ્રાપ્તિ તેમાં જ થશે. બીજે—બહારના સુખમાં ઝાંવાં

નાખવાથી નહિ મળે. સુખ આત્મામાં જ છે, તેમાંથી જ તે પ્રગટ થશે. તે જ કરવાનું છે.

જેટલું જ્ઞાન છે તેટલો આત્મા છે. જ્ઞાયકતાથી ભરેલો જે જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ જ્ઞાયક છે. બસ, તે જ પરમાર્થસ્વરૂપ આત્મા છે, તેને ઓળખ. આ કરવાનું છે. તે પદને પ્રાપ્ત કર, તે ખરું પદ છે. અનેક જાતના મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય આદિ ભેદો છે. તે ભેદો ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક જ્ઞાયક ઉપર દૃષ્ટિ કર. બસ, તે જ્ઞાયકમાં તૃપ્તિ પામ. તે જ્ઞાયકમાં જ બધું ભરેલું છે. બીજા ભેદભાવો ને વિભાવો—બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક ચૈતન્યમાં દૃષ્ટિ કર. પૂજ્ય ગુરુદેવે કહ્યું તે ભેદજ્ઞાન—સ્વાનુભૂતિ પ્રગટ કરીને, તેમાં જ તૃપ્તિ પામ. તેમાં જ આનંદનો— શાંતિનો—જ્ઞાનનો સાગર ભર્યો છે અને તેમાંથી જ આનંદ, જ્ઞાન વિગેરે ઊછળશે. તેમાં જ બધું ભર્યું છે, તેમાં જ વારંવાર દૃષ્ટિ-જ્ઞાન અને લીનતા કરવાથી તેમાંથી જ પૂર્ણતાની પ્રાપ્તિ થશે, તે ખરું કરવાનું છે, તે જીવનનું કર્તવ્ય છે. તત્ત્વના વિચાર, શાસ્ત્રાભ્યાસ, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આ બધું એક ચૈતન્યતત્ત્વને ઓળખવા માટે જ કરવાનું છે. જીવનનું ખરું કર્તવ્ય તે હોવું જોઈએ. પૂજ્ય ગુરુદેવે ઘણું સંભળાવ્યું છે. પૂજ્ય ગુરુદેવનો પરમ ઉપકાર છે. ૧.

### શરીરમાં રોગ આવે ત્યારે શું કરવું ?

શરીર તો સ્વતંત્ર દ્રવ્ય છે. પૂજ્ય ગુરુદેવ ફરમાવે છે કે આત્મા જુદો છે અને શરીર જુદું છે. બંને દ્રવ્ય જુદાં-જુદાં અને સ્વતંત્ર છે. શરીર શરીરનું કામ કરે છે, આત્મા પોતાનું કામ કરે છે. સંકલ્પ-વિકલ્પ જે થાય છે તે પણ પોતાનું સ્વરૂપ નથી, તો શરીર ક્યાં પોતાનું હતું? તે તો પરદ્રવ્ય છે. શરીરના અને આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે. આત્મા સ્વતંત્ર પદાર્થ છે, તેની ભાવના આત્મામાં કરી શકાય છે. હું જ્ઞાયક છું, શાશ્વત છું, અનંત સુખથી ભરેલો છું એવી તેની ભાવના કરવી, તેના વિચાર કરવા, આત્માનું સ્મરણ કરવું. તેના માટે તે જાતનું ચિંતવન—વાંચન કરવું.

મુમુક્ષુઃ—શારીરિક તકલીફ—આંખની તકલીફ—છે તે કારણે વાંચન ન થઈ શકે તો શું કરવું?

બહેનશ્રીઃ—પૂજ્ય ગુરુદેવે જે મંત્રો આપ્યા છે તે યાદ કરવા. બસ, આત્માનું કલ્યાણ કેમ થાય તેની ભાવના કરવી. આત્મા આનંદથી ભરેલો છે. આંખની તકલીફના લીધે વાંચન ન થાય તો ખેદ ન કરવો. ખેદ થઈ જાય તો મનને ફેરવી નાંખવું. શરીર છે તો તેમાં અનેક જાતના ઉદય આવ્યા કરે અને જાય. આ એક ધર્મ પૂજ્ય ગુરુદેવે બતાવ્યો છે તે પ્રાપ્ત થયો તે મહાભાગ્યની વાત છે. ૨.

### અંતરમાં જવા માટે શું કરવું ?

પૂજ્ય ગુરુદેવે આંગળી ચીંધીને માર્ગ બતાવ્યો છે કે તું સ્વભાવને રસ્તે જજે, પણ

કોઈ ચલાવી ન દે. પૂજ્ય ગુરુદેવ દેખાડતા હતા કે આ વિભાવનો રસ્તો છે તેમાં તીવ્રભાવ આવે કે મંદભાવ–શુભભાવ આવે, તે રસ્તે તું જઈશ નહિ, ક્ષણિક પર્યાયો હોય તેમાં રોકાઈશ નહિ અને અનેક ભેદભાવો આવે તેમાં પણ રોકાઈશ નહિ. શાશ્વત આત્માને ગ્રહણ કરજે, બીજે ક્યાંય રોકાઈશ નહિ. શાશ્વત આત્માને ગ્રહણ કરીશ તો તને સુખનું ધામ મળશે. આમ રસ્તો બતાવતા હતા. જો બીજે ક્યાંય રોકાણો કે પર્યાયમાં રોકાણો તો તને ચૈતન્ય ભગવાન આત્મા નહિ મળે. આમ બરાબર ચોખ્ખું કરી-કરીને બતાવતા હતા. પણ ચાલવાનું તો પોતાને રહે છે. શુભભાવ વચ્ચે આવતા જશે, પણ તેમાં રોકાઈશ નહિ; અંદર સાધનામાં સાધકદશાની પર્યાયો પ્રગટશે પણ તેમાં રોકાઈશ નહિ અને અનેક જાતના જ્ઞાનના ભેદો આવશે તેમાં પણ રોકાઈશ નહિ,—આ પ્રકારે અનેક રીતે કહેતા હતા. એક શાશ્વત દ્રવ્યને ગ્રહણ કરીને તેમાં તું જજે–તે રસ્તે જાજે, તને શુદ્ધતાની પર્યાય તેમાંથી પ્રગટ થશે. એમ કરી-કરીને માર્ગ બતાવતા હતા. બાકી ચાલવાનું તો પોતાને જ રહે છે.

એકલા જ્ઞાયક દ્રવ્યને પકડજે. જ્ઞાયક ભગવાનમાં બધું ભર્યું છે, તેમાંથી તને બધું મળશે. તેમાં બધી નિધિ છે તે તને મળશે. આમ પીંખી-પીંખીને બતાવતા હતા, પણ ચાલવાનું તો પોતાને છે. તેઓશ્રીએ બધું બતાવી દીધું, પણ ચાલે કોણ? જાણ્યા કરે અને આહા.....આહા.... આવું છે! આવું છે! એમ કર્યા કરે અને આ વિભાવ છે, આ પર્યાય છે એમ વિચાર કર્યા કરે પણ ચાલે કોણ? ચાલવાનું તો પોતાને છે. ગુરુ રસ્તો બતાવે પણ ચલાવી કોણ દે? મોઢામાં કોળિયો મૂકે, પણ જીભ ચલાવી, ગળે ઉતારવાનું પોતાને રહે છે, પોતાને પુરુષાર્થ કરવાનો છે. માર્ગ દેખાડનારા આ પંચમકાળમાં કોણ મળે? દુનિયામાં જુઓ તો બધા ક્યાંક ને ક્યાંક અટકેલા પડ્યા હોય છે. કોઈ આટલું વાંચી લે, કોઈ વ્રત–તપ–ત્યાગ કરી લે, કોઈ ભક્તિ કરી લે અને કોઈ ધ્યાન કરે કે અહો! ધ્યાનમાં ભગવાન દેખાણા, કાંઈક અજવાળાં દેખાણા—એમ કોઈ ક્યાંક તો કોઈ ક્યાંક અટકે છે, ભ્રમણામાં ક્યાંક ને ક્યાંક ભૂલા પડ્યા હોય છે. અહીં તો ભ્રમણા થવાનો અવકાશ જ નથી. એક ચાલવાનું જ પોતાને બાકી છે. ૩.

**આત્મપ્રાપ્તિ માટે કેવા પ્રકારનો પ્રયાસ કરવો જોઈએ?**

આ એક જ પ્રયાસ કરવાનો છે. અનાદિકાળથી અભ્યાસ બધો બહારનો છે તેથી અંદરમાં ઊતરવા માટેનો પ્રયાસ કરવાનો છે. આત્માને ઓળખવાનો જ પ્રયાસ કરવાનો છે. તે વિચારમાં ઝાઝો ટકી ન શકે તો શાસ્ત્ર-સ્વાધ્યાય કરે, તેમાં ન ટકી શકે તો શ્રવણ કરે. આમ શુભભાવના પ્રકારને બદલ્યા કરે, પણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી શુભમાં

રહે, છતાં ભાવના તો શુદ્ધની રાખે. કરવાનું તો આ જ છે. ધ્યાન કરે તો તેમાં શાંતિ લાગે, પણ અંતરની શાંતિ તો જુદી જ છે.

વિકલ્પની જાળથી છૂટીને અંતરમાંથી જે આત્મા પ્રગટ થાય છે તે આત્મા જાગૃત છે. અન્યમતિ કહે છે કે વિકલ્પ છૂટતાં આત્મા શૂન્ય થઈ જાય છે, પણ તેમ નથી. વિકલ્પ તૂટતાં વિશેષ જાગૃત થાય છે. આત્મામાં અનંતા ગુણો ભર્યા છે. ચૈતન્ય તત્ત્વમાં અનંતતા ભરેલી છે. તે આનંદાદિ અનંત ગુણોનું વેદન તેને સ્વાનુભવમાં થાય છે. હું વિકલ્પ છોડું, વિકલ્પ છોડું એમ કર્યા કરે તો વિકલ્પ છૂટતા નથી. પોતાની અંતરની યોગ્યતા પ્રગટ થાય તો વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પથી અતિક્રાન્ત થઈ સ્વાનુભૂતિની દશા પ્રાપ્ત થાય છે ત્યારે જ ખરી શાંતિ થાય છે.

જ્યાં સુધી ખરી શાંતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો કે આ જે વિકલ્પ આવે છે તેનાથી હું જુદો છું. ક્ષણે ક્ષણે આ જ અભ્યાસ કર્યા કરે કે આ જે શુભાશુભ ભાવો આવે છે તેનો જાણનાર હું જુદો છું. પ્રયાસની શરૂઆત ભેદજ્ઞાનના અભ્યાસથી થાય છે. ગમે તે વિકલ્પ આવે, શુભભાવ આવે કે અશુભભાવ આવે, તે મારું સ્વરુપ નથી. જેવા સિદ્ધ ભગવાન છે એવો જ હું છું. હું તો શુદ્ધ, નિર્મળ એકરૂપ તત્ત્વ છું.

જેમ સ્ફટિક નિર્મળ છે તેમ હું નિર્મળ છું. સ્ફટિકમાં જેમ ઉપર લાલ-પીળાં પ્રતિબિંબ પડે છે તે સ્ફટિકનો મૂળ સ્વભાવ નથી, તેમ હું નિર્મળ છું. મારા મૂળ સ્વભાવમાં આ વિભાવો પ્રવેશ પામ્યા નથી. હું તો શુદ્ધ જ છું, નિરાળો છું. આવા નિરાળાપણાનો—ભેદજ્ઞાનનો—અભ્યાસ કરવો. આ પ્રથમ ઉપાય છે.

હું જાણનાર છું, જ્ઞાયક છું, આ શરીર મારું નથી, જડ છે. આ મન પણ મારું નથી. આ વિકલ્પ તે મારો સ્વભાવ નથી. ભલે તે થાય છે મારી પર્યાયમાં – તે કાંઈ જડમાં થતો નથી કે જડ કરાવતું નથી, મારા પુરુષાર્થની નબળાઈથી થાય છે. તો પણ મારો સ્વભાવ નથી. હું તો જુદો જ્ઞાયક છું. એવો જ અભ્યાસ કર્યા કરે તે પહેલો ઉપાય છે. જેને હજી આ અભ્યાસ પણ નથી તેને તો સ્વાનુભૂતિ થવી મુશ્કેલ પડે છે.

આ અભ્યાસ એકાંતમાં બેસીને કરે તો જ થાય એમ નથી. આ અભ્યાસ તો ગમે ત્યારે થઈ શકે એમ છે. અને તે ક્ષણે ક્ષણે કર્યા જ કરવાનો છે; છતાં એમ ન થાય તો ધીરે ધીરે કરે; પણ એ રીતે ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા કરવાનો છે.

જેમ પાણી સ્વભાવથી શીતળ છે, તે અગ્નિના નિમિત્તે ગરમ થાય છે તો પણ તેનો સ્વભાવ તો શીતળ જ છે. તેમ હું તો સ્વભાવે શીતળ છું. કર્મના સંયોગમાં મારી પોતાની નબળાઈથી જોડાણ થાય છે, પણ તે મારો સ્વભાવ નથી.

આવો ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં જ્ઞાયકમાં એકાગ્રતા થાય તો આત્માની સ્વાનુભૂતિ થવાનો પ્રસંગ બને છે. ૪.

## જીવન આત્મામય કઈ રીતે બનાવવું?

જીવન આત્મામય જ બનાવી દેવું જોઈએ. આ જીવન બધું રાગમય–વિકલ્પમય છે તેને બદલે આત્મામય બનાવી દેવું જોઈએ. બસ, હું આત્મા છું, આ શરીર તે હું નથી, હું ચૈતન્યમૂર્તિ છું, ચૈતન્યનું સ્વરૂપ તે જ હું છું. એમ જીવન આત્મામય બનાવી દેવું. ડગલે-પગલે આત્મા જ યાદ આવે એવું આત્મામય જ જીવન બનાવવું. આ બધું પરદ્રવ્ય છે તે કોઈ મારું નથી, મારો આત્મા જુદો છે; હું ચૈતન્યમય છું; પરને આશ્રિત વિચાર આવે તે બધા વિચાર નિરર્થક છે. કાંઈ સારભૂત નથી; હું તો એક આત્મા છું એમ પહેલાં ભાવના કરે, પ્રયત્ન કરે. કેમકે એકદમ સહજ થવું મુશ્કેલ પડે. પણ આત્મામય જીવન જો થઈ જાય તો બધું છૂટી જાય, પરની એકત્વબુદ્ધિ તૂટી જાય. અંતર દૃષ્ટિ કરે કે હું આત્મા છું, આ બધું બહાર દેખાય છે તે હું નથી, હું તો અંતરમાં કોઈ જુદું ચૈતન્ય દ્રવ્ય છું. પોતે બહારની કલ્પનાથી માની લીધું છે કે આ શરીર તે હું, ઘર-કુટુંબ આદિ બધું હું–એમ પોતે માન્યું છે, પણ આ બધું કોઈ હું નથી, હું તો ચૈતન્ય આત્મા છું. એમ આત્મામય જીવન બનાવી દેવું.

અનંતકાળમાં ઘણું કર્યું–ત્યાગ–વૈરાગ્ય આદિ બધું કર્યું, પણ યથાર્થ કરવા યોગ્ય કર્યું નથી. હું તો આત્મા છું, આ વિભાવ મારું સ્વરૂપ નથી. એમ પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને જે વૈરાગ્ય આવે તે બરાબર છે. હું તો આત્મા છું એવું સહજપણે કરવાનો પ્રયત્ન કરવો. પહેલાં સહજ હોતું નથી, પણ સહજ કરવાનો પ્રયત્ન કરે.

આ ઉદયભાવ તે હું નથી, હું તો પારિણામિકભાવે રહેનારો ચૈતન્યસ્વરૂપ આત્મા છું. તે પારિણામિકભાવ મારું સ્વરૂપ છે, આ ઉદયભાવ તે મારું સ્વરૂપ નથી એમ આત્મામય જીવન બનાવવું. ૫.

## પુરુષાર્થની મંદતામાંથી તીવ્રતા કરવા માટે શું કરવું?

પુરુષાર્થની તીવ્રતા પોતાને જ કરવાની છે. પોતાની જરૂરિયાત પોતાને જ જણાય કે મારે મારા સ્વભાવની જ જરૂરિયાત છે, આ બીજી કોઈ જરૂરિયાત મને નથી. આ બધું જરૂરિયાત વગરનું છે. મારે સ્વભાવ જોઈએ છે, તેમાં બધું ભર્યું છે. આ રીતે જો તેની જરૂરિયાત જણાય તો તેને પુરુષાર્થની તીવ્રતા થાય. આ મનુષ્યભવમાં પૂજ્ય ગુરુદેવ મળ્યા. માટે મારે પલટો કર્યે જ છૂટકો છે તેમ પોતાની જરૂરિયાત જણાય તો તેની રુચિની તીવ્રતા થાય. જિજ્ઞાસુને ભલે હજી એકત્વબુદ્ધિ તૂટતી નથી, પણ વારંવાર

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




**(સમયસાર ગાથા-૮૩ ઉપર પ્રવચન)**

## નિશ્ચયનયનું મંતવ્ય

## પોતાના જ પરિણામનો કર્તા-ભોક્તા પ્રતિભાસતો આત્મા

પોતાના પરિણામને કરતો-ભોગવતો એવો જીવ કર્મના પરિણામને પણ કરે કે ભોગવે છે એમ નથી. મિથ્યાત્વદશામાં કે સિદ્ધદશામાં કર્મનો ઉદય કે કર્મનો અભાવ નિમિત્ત હોવા છતાં, જેમ સમુદ્ર પોતાની તરંગ કે નિસ્તરંગ દશામાં અંતર્વ્યાપક થઈને તેને કરે છે પણ પવનનું વાવું કે ન વાવું એ કાર્યને સમુદ્ર કરતો નથી, તેમ જીવ પોતાના મિથ્યાત્વ પરિણામને કે સિદ્ધદશાના પરિણામને કરતો પ્રતિભાસે છે પણ તે કર્મના ઉદયને કે કર્મના અભાવને કરતો પ્રતિભાસતો નથી.

આત્માને પુદ્‌ગલકર્મના નિમિત્તથી સંસાર-અવસ્થા તથા નિઃસંસાર અવસ્થા છે તોપણ તે અવસ્થારૂપ આત્મા પોતે જ પરિણમે છે. તેથી જીવ પોતાના જ પરિણામનો કર્તા-ભોક્તા છે, પુદ્‌ગલકર્મનો કર્તા-ભોક્તા કદી જ નથી. એ વાત દૃષ્ટાંતથી અહીં સમજાવે છે :

આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,
વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.

જેમ સમુદ્રમાં તરંગ ઊઠે ને તરંગ વિલય થાય એ અવસ્થાઓમાં અનુક્રમે પવનનું વાવું અને નહિ વાવું નિમિત્ત હોવા છતાં પણ પવન વ્યાપક-કર્તા અને સમુદ્રની અવસ્થા વ્યાપ્ય-કાર્ય એવા વ્યાપક-વ્યાપ્યપણાનો અભાવ છે. પવન વ્યાપક થઈને સમુદ્રના તરંગ ઉત્પન્ન કરે એવો અભાવ છે. સમુદ્રના તરંગમાં પવન નિમિત્ત હોવા છતાં પવનને ને સમુદ્રની અવસ્થાને વ્યાપકવ્યાપ્યપણાનો અભાવ છે, એટલે કે પવનનો સદ્‌ભાવ સમુદ્રના તરંગને ઉત્પન્ન કરે કે પવનનો અભાવ સમુદ્રના તરંગને વિલય કરે એવો વ્યાપકવ્યાપ્યપણાનો અભાવ છે. નિમિત્ત તરીકે પવનનો ભાવ-અભાવ હોવા છતાં

**ભક્તામરો લચિત તાજમણિપ્રભાના, ઉદ્યોતકાર, હર પાપતમો જથાના;**
**આધારરૂપ ભવસાગરના જનોને, એવા યુગાદિ પ્રભુ પાદયુગે-નમીને. ૧. –ભક્તામરસ્તોત્ર**

પવનને ને સમુદ્રની અવસ્થાને કર્તા-કર્મપણાની અસિદ્ધિ છે.

સમુદ્રમાં પાણીના તરંગ ઊઠે તેની આદિ-મધ્ય-અંતમાં સમુદ્ર પોતે જ છે. તરંગ ઊઠવાની શરૂઆતમાં એટલે કે આદિમાં પવન છે ને તરંગના મધ્ય-અંતમાં સમુદ્ર છે એમ નથી. સમુદ્ર પોતે જ તરંગમાં અંતર્વ્યાપક થઈને તે અવસ્થાની આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને તરંગને કરે છે. તરંગ ઊઠવાની આદિ-મધ્ય-અંતમાં સમુદ્ર પોતે જ છે, પવન નથી. ખરેખર તો તરંગ પોતે જ કર્તા-કર્મ આદિરૂપ પોતાના ષટ્કારકથી થાય છે પરંતુ અહીં તો પરથી ભિન્ન બતાવવું છે તેથી તરંગ ઉત્પન્ન થવામાં ને વિલય થવામાં સમુદ્ર પોતે જ કર્તા છે, સમુદ્ર અને પવન બે થઈને કાર્ય થાય છે એમ નથી.

સમુદ્ર પોતાની અવસ્થાઓને કરે છે પણ પવનને લાવવાનું કાર્ય કરતો નથી. પવનનું નિમિત્તપણું હોવા છતાં સમુદ્ર પોતે જ પોતાની ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાને કરે છે પણ પવનને લાવવો એ સમુદ્રનું કાર્ય પ્રતિભાસતું નથી. પવન સમુદ્રની અવસ્થાને કરતો નથી પણ સમુદ્ર તરંગની અવસ્થાને કરતો હોવા છતાં પવનને લાવવાનું કાર્ય સમુદ્ર કરતો નથી.

તરંગ ઊઠવાનો સમય છે ત્યારે તરંગ પોતાના લઈને ઊઠે છે તેનો કર્તા સમુદ્ર કહેવામાં આવે છે. તરંગ ઊઠવાની આદિ-મધ્ય-અંતમાં સમુદ્ર વ્યાપીને તરંગને કરે છે. તરંગને કરવાનું કાર્ય સમુદ્ર કરે છે તો પછી પવનને લાવવાનું કાર્ય સમુદ્ર કરે છે ને ?—કે ના, સમુદ્રની જે અવસ્થા થઈ તે પોતાને કારણે થઈ છે પણ પરના કારણે થઈ નથી, તેમ જ તે પરને કરતો પણ નથી.

વળી જેમ તે જ સમુદ્ર ભાવકભાવ્યના અભાવને લીધે એટલે કે પવન ભાવક છે ને સમુદ્રની અવસ્થા ભાવ્ય છે એવો અભાવ છે તેથી સમુદ્ર જેમ પોતાના ભાવ્યને ભોગવે છે તેમ પવનને પણ ભોગવે છે તેમ નથી. સમુદ્ર પોતાની અવસ્થાને ભોગવે છે પણ અન્યને ભોગવે છે તેમ નથી.

આ રીતે દૃષ્ટાંત કહીને હવે સિદ્ધાંત કહે છે :

તેવી રીતે સંસાર સહિત દશામાં એટલે કે વિકારી પરિણામમાં અને નિઃસંસાર અવસ્થામાં એટલે કે નિર્વિકારી પરિણામમાં કર્મના વિપાકનો સંભવ અને અસંભવ નિમિત્ત હોવા છતાં એટલે સંસારદશામાં કર્મનો ઉદય નિમિત્ત હોવા છતાં અને

**કીધી સ્તુતિ સકલશાસ્ત્રજતત્ત્વબોધે, પામેલ બુદ્ધિપટુથી સુરલોકનાથે;**
**ત્રૈલોક ચિત્તહર ચારુ ઉદાર સ્તોત્રે, હુંયે ખરે સ્તવીશ આદિ જિનેન્દ્રને તે. ૨.**

નિઃસંસારદશામાં કર્મના ઉદયનો અભાવ નિમિત્ત હોવા છતાં પુદ્‌ગલ કર્મ વ્યાપક અને જીવના પરિણામ વ્યાપ્ય એવો વ્યાપકવ્યાપ્યપણાનો અભાવ હોવાથી કર્તાકર્મની અસિદ્ધિ છે. નિમિત્ત હોવા છતાં નિમિત્ત-પુદ્‌ગલકર્મ વ્યાપક થઈને જીવની અવસ્થાને કરે એવો અભાવ છે.

સંસારદશામાં કર્મના ઉદયની ઉત્પત્તિને અને આત્માના વિકારી પરિણામને વ્યાપક-વ્યાપ્યપણાનો અભાવ છે. નિઃસંસાર દશામાં એટલે કે સિદ્ધદશામાં કર્મનું અકર્મપણે થવું એ નિમિત્ત હોવા છતાં તેમને વ્યાપ્ય-વ્યાપકપણાનો અભાવ છે. તેથી પુદ્‌ગલકર્મને ને જીવને કર્તાકર્મપણાનો અભાવ છે. જીવ જ પોતે એટલે કે જીવ અને કર્મ બે થઈને નહીં પણ જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને વિકારી દશામાં આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને સંસાર-અવસ્થાને કરે છે. વિકારની અવસ્થાની આદિમાં કર્મનો ઉદય વ્યાપે છે એમ નથી પણ વિકારી અવસ્થામાં જીવ જ પોતે આદિ-મધ્ય-અંતમાં વ્યાપે છે. નિઃસંસાર દશાની આદિમાં જ્ઞાનાવરણાદિ કર્મનો અભાવ વ્યાપે છે તેમ નથી. જીવ જ પોતે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને નિઃસંસાર દશાને કરે છે.

આત્માની મોક્ષદશાના કાળમાં કર્મનો અભાવ નિમિત્ત છે માટે તે કર્મનું કાર્ય છે એમ નથી. મોક્ષદશામાં જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને તેની આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને તે અવસ્થાને કરે છે. કેવળજ્ઞાનની પર્યાયની આદિમાં કર્મનો અભાવ હતો માટે કેવળજ્ઞાન થયું એમ નથી, પણ કેવળજ્ઞાનની આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને જીવ જ પોતે કરે છે.

આત્મામાં ઉત્પન્ન થતા રાગની આદિમાં કર્મનો ઉદય હતો માટે રાગ થયો છે એમ નથી. આત્મા પોતે જ અંતર્વ્યાપક થઈને રાગને કરે છે. પ્રભુ! તેં જે ૮૪ના અવતાર કર્યા એના કારણરૂપ જે મિથ્યાત્વભાવ તેની ઉત્પત્તિનું કારણ તું છો, કર્મ તેનું કારણ નથી. તારી ભ્રમણાનું કારણ તું છો, કર્મ તેનું કારણ નથી. અજ્ઞાનભાવની ઉત્પત્તિની આદિ-મધ્ય-અંતમાં તું છો અને જ્યારે જીવ સમ્યગ્દર્શન કરે છે કે હું તો જ્ઞાયક ત્રિકાળી ચૈતન્ય છું—એ નિર્મળ પર્યાયનો કર્તા જીવ જ છે, કર્મનો ઉદય જરા ખસી ગયો માટે સમ્યગ્દર્શન થયું એમ નથી.

વિકારના, ભ્રમણાના પરિણામ કરવામાં તું એકલો જ કર્તા છો, બીજો કોઈ તને કરાવે છે એમ છે જ નહિ. કર્મ અને જીવ બે થઈને ભ્રમણા થઈ છે એમ છે જ નહિ.

**બુદ્ધિ વિના જ સુરપૂજીતપાદપીઠ! મેં પ્રેરી બુદ્ધિ સ્તુતિમાં તજી લાજ શુદ્ધ!**
**લેવા શિશુ વિણ જળે સ્થિત ચંદ્રબિંબ, ઇચ્છા કરે જ સહસા જન કોણ અન્ય. ૩.**

મિથ્યાત્વદશાની આદિ-મધ્ય-અંતમાં તું જ છો, કર્મનો તીવ્ર મંદ ઉદય મિથ્યાત્વની આદિ-મધ્ય-અંતમાં નથી. તેવી રીતે તને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ થાય તેની આદિ-મધ્ય-અંતમાં તું જ છો, તેની આદિમાં કાળલબ્ધિ હતી માટે પ્રગટ થયું છે એમ નથી. કાળલબ્ધિ હો, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આદિ-મધ્ય-અંતમાં તું પોતે જ છો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વીતરાગી નિર્દોષ ધર્મના પરિણામ થાય તેની આદિમાં કર્મનો અભાવ કે મંદતા હોય તો થાય એમ નથી, તેની આદિ-મધ્ય-અંતમાં તું જ છો. આદિમાં ભગવાનની ભક્તિ-સ્તુતિ હતા માટે સમ્યગ્દર્શન થયું એમ નથી પણ સમ્યગ્દર્શનના આદિ-મધ્ય-અંતમાં જીવ જ પોતે છે.

રાગને કરવામાં ને રાગના અભાવને કરવામાં જીવ જ પોતે પ્રતિભાસો, પણ તે કર્મને કરે એમ ન પ્રતિભાસો. રાગને કરતો ને રાગના અભાવને કરતો જીવ પ્રતિભાસો પણ જીવ કર્મને બાંધે ને કર્મને છોડે એમ ન પ્રતિભાસો.

વળી તેવી રીતે કર્મ ભાવક ને જીવ વિકારી ભાવનો ભોક્તા એટલે કે કર્મ ભાવક ને આત્માના સુખદુઃખની કલ્પનાના ભાવ તે ભાવ્ય એવા ભાવકભાવ્યભાવનો અભાવ છે. તેથી કર્મનું આત્મા વડે અનુભવાવું અશક્ય હોવાથી એટલે કે જીવ રાગને ભોગવતો પ્રતિભાસો પણ પરને અનુભવતો ન પ્રતિભાસો. સંસારદશામાં દુઃખને ને મોક્ષદશામાં આનંદને અનુભવતો પ્રતિભાસો, પણ કર્મને કે શરીરને આત્મા અનુભવતો ન પ્રતિભાસો.

એ રીતે જીવ પોતાના જ પરિણામનો કર્તા-ભોક્તા છે. પણ કર્મ કે શરીરાદિ પરદ્રવ્યનો કર્તા-ભોક્તા નથી. (ક્રમશઃ)

(અનુસંધાન પેજ નં. ૭ થી ચાલુ)

તોડવાનો અભ્યાસ કરે તો પોતે જાગ્યા વગર રહેતો જ નથી. બાળક હોય તે ચાલવા શીખે ત્યારે આમ કરે ને તેમ કરે એમ વારંવાર અભ્યાસ કરે, તેમ પોતે પોતા તરફ જવા માટે વારંવાર અભ્યાસ કરે કે આ કાંઈ જોઈતું નથી. પૂજ્ય ગુરુદેવે કહ્યું છે કે તું ચૈતન્ય છો અને ચૈતન્યને ઓળખ, તેમાં લીન થા. તે કરવા જેવું છે. જો તેની જરૂરિયાત જણાય તો વારંવાર અભ્યાસ કર્યા જ કરે. યથાર્થ અભ્યાસ કરે તો તેનું ફળ આવ્યા વગર રહેતું જ નથી. ૯.

**કે'વા ગુણો ગુણનિધિ! તુજ ચંદ્રકાંત, છે બુદ્ધિથી સુરગુરુસમ કો સમર્થ ?**
**જ્યાં ઉછળે મગરમચ્છ મહાન વાતે, રે કોણ તે તરી શકે જ સમુદ્ર હાથે ? ૪.**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

ભાઈ ! જગતના પદાર્થ જેમ પરિણમિત થઈ રહ્યા છે તેને જાણવાનો જીવનો સ્વભાવ છે, પણ તેને પરિણમતા થકા રોકવામાં કોઈ સમર્થ નથી. કેવળી ભગવાન પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ કરીને સિદ્ધ થઈ ગયા પણ અન્ય જીવને તે કેવળી બનાવી શકતા નથી. જીવ સ્વયં પરિણમતો હોવાથી તેમાં અન્ય શું કરી શકે ? પોતાની શક્તિથી પરિણમન કરતા દ્રવ્યોને રોકવા માટે કોઈ સમર્થ નથી.

જુઓ, પહેલા કહ્યું કે પુદ્‌ગલદ્રવ્ય, જીવને કેવળજ્ઞાનને પ્રગટતું રોકે છે અને અહીં કહ્યું કે બધા જ દ્રવ્ય પોતાની કાળલબ્ધિથી પરિણમિત થાય છે, તો શું આ બંને કથન પરસ્પર વિરોધાભાસી નથી ? ના. વિરોધ નથી. પહેલું કથન પુદ્‌ગલના સ્વરૂપને બતાવવા માટે નિમિત્તના ઉપચારથી કરવામાં આવ્યું છે અને બીજું કથન સત્ય છે.

જીવ પોતાની શક્તિથી જ જ્ઞાનની હીનતારૂપ પરિણમિત થાય છે. કાલાણુ, ધર્માસ્તિકાય આદિ સમસ્ત દ્રવ્યોમાં પોતપોતાની કાળાદિ લબ્ધિઓ છે. માત્ર જીવમાં જ કાળાદિ લબ્ધિ છે—એમ નથી. છએ દ્રવ્ય પોતપોતાની કાળલબ્ધિથી જ પરિણમિત થઈ રહ્યા છે. અન્ય દ્રવ્ય ભલે નિમિત્ત હોય પરંતુ પદાર્થ તો પોત-પોતાના પરિણામરૂપ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળની સામગ્રી અનુસાર જ પરિણમિત થાય છે, તેને કોઈ રોકવાવાળું નથી.

હું તો ચિદાનંદ જ્ઞાતા છું, જગતના પદાર્થ, તેની પર્યાયની કાળાદિ લબ્ધિથી પરિણમન કરી રહ્યા છે, હું તેને જાણવાવાળો છું—એવી પ્રતીતિ કરવી, ધર્મ છે. આ મિથ્યાનિયતવાદ નથી પરંતુ વસ્તુસ્વરૂપનો યથાર્થ નિર્ણય છે. ગોમ્મટસારમાં મિથ્યાદષ્ટિના નિયતવાદનું વર્ણન છે, તે અલગ વાત છે. અહીં તો તે જીવ, સર્વજ્ઞની પ્રતીતિ કર્યા વગર નિયતને માને છે, માટે તેનો નિયતવાદ મિથ્યા છે અને અહીં તો સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં ગાથા ૩૨૧, ૩૨૨માં કહેશે કે—

“જે જીવને, જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી, જન્મ-મરણ તથા તે સંબંધી

**તેવો તથાપિ તુજ ભક્તિ વડે મુનીશ ! શક્તિરહિત પણ હું સ્તુતિને કરીશ;**
**પ્રીતે વિચાર બળનો તજી સિંહ સામે, ના થાય શું મૃગી શિશુ નિજ રક્ષવાને ? ૫.**

સુખ-દુઃખ, રોગ, દરિદ્રતા આદિ થવાનું સર્વજ્ઞદેવે જાણ્યું છે, તે- તે જ પ્રકારે નિયમથી થાય છે અને તે અનુસાર થવાવાળું છે. તે જીવને તે દેશમાં, તે કાળમાં, તે વિધાનથી નિયમથી થાય છે, તેને ઈન્દ્ર અથવા જિનેન્દ્ર, તીર્થંકરદેવ કોઈપણ બદલી શકતા નથી– એવું સમ્યગ્દષ્ટિ વિચારે છે.''

જુઓ, આ સમ્યગ્દષ્ટિની વાત છે. સમ્યગ્દષ્ટિ જીવ, સર્વજ્ઞના નિર્ણય સહિત અને પોતાને જ્ઞાનસ્વભાવની પ્રતીતિ સહિત આવા વસ્તુસ્વરૂપનો વિચાર કરે છે, તે મિથ્યાનિયતવાદ નથી પરંતુ વાસ્તવિક વસ્તુસ્થિતિ છે.

કહેવાનો અર્થ એમ છે કે દરેક દ્રવ્ય પોતપોતાના પરિણામરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, સામગ્રીને પ્રાપ્ત થઈને પોતે જ તે ભાવરૂપ પરિણમિત થાય છે, તેને કોઈ રોકી શકતું નથી.

લોકના સમસ્ત દ્રવ્ય પોતાના સ્વકાળથી પરિણમિત થઈ રહ્યા છે. જગતમાં પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ આદિ પદાર્થ પોતાની કાળલબ્ધિને પ્રાપ્ત કરીને સ્વયં પરિણમિત થઈ રહ્યા છે અને ત્યાં નિમિત્તરૂપથી યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ હોય છે, પરંતુ પદાર્થ પોતાની શક્તિથી જ પરિણમિત થાય છે. જે દ્રવ્યની, જે પર્યાય, જે કાળમાં થાય છે, તેને રોકવા અથવા બદલવામાં કોઈ સમર્થ નથી. આત્માનો સ્વભાવ તે વીતરાગભાવને જાણવાનો છે. તીર્થંકર, ઈન્દ્ર, નરેન્દ્ર આદિ કોઈપણ અન્ય દ્રવ્યની પર્યાયને બદલવામાં સમર્થ નથી.

હવે, વ્યવહારકાળનું નિરૂપણ કરે છે :–

**जीवाण पुग्गलाणं, जे सुहुमा बादरा य पज्ञाया ।**
**तीदाणागदभूदा, सो ववहारो हवे कालो ॥२२०॥**

અર્થ :—જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્યના સૂક્ષ્મ તથા બાદર પર્યાય છે, તે અતીત (ભૂતકાળના) થયા, અનાગત અર્થાત્ આગામી થશે તથા વર્તમાન છે; એ પ્રમાણે વ્યવહારકાળ હોય છે.

ભાવાર્થ :—જીવ-પુદ્‌ગલના જે સ્થૂળ-સૂક્ષ્મ પર્યાય ભૂતકાળના થઈ ગયા તેમને અતીત નામથી કહ્યા, ભવિષ્યકાળના થશે તેમને અનાગત નામથી કહ્યા તથા જે વર્તે છે તેમને વર્તમાન નામથી કહ્યા. તેમને જેટલી વાર લાગે છે તેને જ વ્યવહારકાળ નામથી કહીએ છીએ. હવે જઘન્યપણે તો પર્યાયની સ્થિતિ એક સમય માત્ર છે અને મધ્યમ-

**શાસ્ત્રજ્ઞ અજ્ઞ ગણીને હસતાં છતાંયે, ભક્તિ તમારી જ મને બળથી વદાવે !**
**જે કોકિલા મધુર ચૈત્ર વિષે ઉચારે, તે માત્ર આમ્રતરુમહોર તણા પ્રભાવે ! ૬.**

ઉત્કૃષ્ટના અનેક પ્રકાર છે. ત્યાં આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી પુદ્ગલનો પરમાણુ મંદ ગતિએ જાય તેટલા કાળને એક સમય કહે છે. એ પ્રમાણે જઘન્યયુક્ત અસંખ્યાતસમયને એક આવલી કહે છે, અસંખ્યાત આવલીના સમૂહને એક ઉશ્વાસ કહે છે, સાત ઉશ્વાસનો એક સ્તોક કહે છે, સાત સ્તોકનો એક લવ કહે છે, સાડા આડત્રીસ લવની એક ઘડી કહે છે, બે ઘડીનું એક મુહૂર્ત કહે છે, ત્રીસ મુહૂર્તનો એક રાત્રિ-દિવસ કહે છે, પંદર રાત્રિ-દિવસનો એક પક્ષ કહે છે, બે પક્ષનો એક માસ કહે છે, બે માસની એક ઋતુ કહે છે, ત્રણ ઋતુનું એક અયન કહે છે અને બે અયનનું એક વર્ષ કહે છે, ઈત્યાદિ પલ્ય-સાગર-કલ્પ આદિ વ્યવહારકાળના અનેક પ્રકાર છે.

જીવ-પુદ્ગલના સિવાય ચાર દ્રવ્યોની પર્યાય તો ત્રિકાળ એક સરખી થાય છે. જીવ, પુદ્ગલની સૂક્ષ્મ તથા બાદર પર્યાય છે. વ્યંજનપર્યાય સ્થૂળરૂપથી ઘણા સમય સુધી એક સમાન જોવામાં આવે છે, તેનું નામ સ્થૂળપર્યાય છે અને પ્રત્યેક સમયે પર્યાયનું પરિણમન થાય છે તે સૂક્ષ્મપર્યાય પદાર્થમાં ભૂતકાળની પર્યાય થઈ, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં થશે—એવા કાળમાં ત્રણ ભેદ કરવા તે વ્યવહાર છે.

જે જીવ-પુદ્ગલની સ્થૂળ-સૂક્ષ્મ પર્યાય છે, તે ભૂતકાળમાં થઈ ગઈ છે, તેને અતીત નામથી કહેવામાં આવે છે અને ભવિષ્યકાળમાં થશે, તેને અનાગત નામે કહેવાય છે, તથા જે વર્તમાનમાં વર્તે છે, તેને વર્તમાન નામથી કહેવામાં આવે છે, તેને જેટલો સમય લાગે છે, તેને જ વ્યવહારકાળ નામથી કહેવાય છે.

પર્યાયનો કાળ ન્યૂનતમ તો એક સમયનો જ છે. તેની તે જ પર્યાય બે સમય સુધી નથી રહેતી. સંપૂર્ણ દુનિયા દરેક સમયે બદલતી રહે છે. વસ્તુરૂપે ધ્રુવ રહીને, પ્રતિસમયમાં ઉત્પાદ-વ્યય થયા કરે છે તથા સમાન્યરૂપથી પર્યાયની સ્થિતિના અનેક પ્રકાર છે. જેમ કે એક ચિત્ર છે, તેની પર્યાય દરેક સમયે બદલતી રહે છે પરંતુ સ્થૂળરૂપથી પાંચ વર્ષ, દસ વર્ષ, ઘણા વર્ષ એવીને એવી પર્યાય દેખાય છે, તે અપેક્ષાએ પર્યાયને મધ્યમ તથા ઉત્કૃષ્ટ સ્થિતિ અનેક પ્રકારે કહેવાય છે. આ લોકમાં શાશ્વત જિનબિંબ આદિ છે તેમાં પણ પ્રત્યેક સમયે પરિણમન તો થયા જ કરે છે. સૂર્ય-ચંદ્રના બિંબ શાશ્વત છે પરંતુ તેની પર્યાય પ્રતિસમય પરિવર્તિત થાય છે તથા તેમાં રહેલા પૃથ્વીના જીવ પણ ૨૨૦૦૦ વર્ષથી વધારે કાળ રહી શકતા નથી, તે જીવની પણ

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)

**બાંધેલ પાપ જનનાં ભવ સર્વ જેહ; તારી સ્તુતિથી ક્ષણમાં ક્ષય થાય તેહ;**
**આ લોકવ્યાપ્ત નિશિનું ભમરા સમાન, અંધારૂં સૂર્યકિરણોથી હણાય જેમ. ૭.**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૮, ગાથા ૧૦)

આ અમારા શત્રુ છે, અહિત કરનાર છે એવો ભાવ અજ્ઞાનપૂર્ણ છે એમ હવેની ગાથામાં આચાર્ય મહારાજ બતાવે છે. ભાઈ ! પરવસ્તુ તારું અહિતકર્તા છે એ ક્યાંથી લાવ્યો ? તારી ઊંધી માન્યતા તારું અહિતકર્તા છે, માટે અજ્ઞાનપૂર્ણભાવ દૂર કરવાલાયક છે એમ આચાર્ય મહારાજ પ્રેરણા કરે છે :–

विराधकः कथं हंत्रे जनाय परिकुप्यति।
त्र्यंगुलं पातयन् पद्भ्यां स्वयं दंडेन पात्यते ।।१०।।

અપરાધી જન કાં કરે, હન્તા જન પર ક્રોધ ?
પગથી ત્ર્યંગુલ પાડતાં, દંડે પડે અબોધ. ૧૦.

તેં પૂર્વે તે પ્રાણીને સતાવ્યો હતો ને તારા કારણે તે પ્રાણી દુઃખી થયો હતો. હવે એ પ્રાણી તને તકલીફ દે છે–હેરાન કરે છે તો તું શા માટે ગુસ્સો કરે છો ? પૂર્વે તારા કારણે તેને નુકસાન થયું હતું–નિમિત્તના કથનથી–તો હવે એ તને નુકસાન કરવા આવ્યો છે એટલે સરભર થઈ ગયું, તું શા માટે ગુસ્સો કરે છે ?–આ બધા નિમિત્તના કથન છે હો ! તારો ભાવ પૂર્વે એને નુકસાન પહોંચાડવાનો હતો ને એને પાપના ઉદયને લઈને નુકસાન થયું અને હવે એ તને નુકસાન કરવાનો ભાવ કરે છે ને તારા પાપના ઉદયને લઈને નુકસાન થાય તો તું પર ઉપર ગુસ્સો કેમ કરે છે ?

તેં જેવું કર્યું હતું એવું તે તારા પ્રત્યે કરે છે તો તું ગુસ્સે કેમ થાય છે ? આ વાત અમને બેસતી નથી-ઠીક લાગતી નથી એમ આચાર્યદેવ કહે છે. તેં બીજાને નુકસાન પહોંચાડ્યું હતું તો હવે એ તને નુકસાન પહોંચાડે છે–એ તો અદલબદલ થયું, એમાં ગુસ્સો કરવાની જરૂર નથી. એમ કહીને પ્રતિકૂળતા કરનાર પ્રત્યે ગુસ્સો ન કરવો એમ એ ભાવ છોડાવવા માટે કહ્યું છે.

શરીરમાં કાંઈ પ્રતિકૂળતા થાય કે લક્ષ્મી ચાલી જાય તેમાં કોઈ પ્રાણી નિમિત્ત બને, તો તું પણ તેને નુકસાન થવામાં નિમિત્ત થયો હતો, તો એમાં ગુસ્સો શું કરવો ? પર પ્રત્યે

**માનીજ તેમ સ્તુતિ નાથ! તમારી આ મેં, આરંભી અલ્પમતિથી પ્રભુના પ્રભાવે;**
**તે ચિત્ત સજ્જન હરે જ્યમ બિંદુ પામે મોતી તણી કમળપત્ર વિષે પ્રભાને. ૮.**

ગુસ્સો કરવો નહિ. અમારી આબરૂ એણે લૂંટી લીધી ! પણ ભાઈ ! પૂર્વે તેં એની આબરૂ લૂંટી લીધી હશે, એમાં ગુસ્સો શું કરવો ? ભાઈ ! સમજણ કરવી, જ્ઞાન કરવું કે જગતમાં આવું હોય એમ સમતા કરીને આત્માનું જ્ઞાન કરવું, સમતા કરવી ને ગુસ્સો હટાવવો.

બીજાનો અપકાર કરનાર પુરુષ પોતા પ્રત્યે અપકાર કરનાર પુરુષ ઉપર કેમ કુપિત થાય છે ?—સમજાતું નથી ! એમ અરસપરસની વાત દૃષ્ટાંત માટે કરી છે. બાકી એ જ પ્રાણી પ્રતિ અપકાર ન કર્યો હોય પણ પૂર્વે પાપભાવ કર્યો હોય તો તારા પાપના ઉદયમાં બીજો પ્રાણી પ્રતિકૂળતા દેવા આવે તો એમાં ગુસ્સો શું કરવો ? પર પદાર્થ તારું નુકસાન કરી શકતો નથી એમ માનીને ગુસ્સો છોડવો, જ્ઞાતાદ્રષ્ટા રહીને સમાધાન કરવું—ગુસ્સો કરવો નહીં એમ આચાર્ય મહારાજ કહે છે.

આ તો ઉપદેશની ભાષા છે ને ? એટલે કહે છે કે ભાઈ ! આ તું શું કરે છે ? કાંઈ સમજાતું નથી એટલે કે તું ખોટું કરે છે. અરે ! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરે નહિ. કઈ રીતે કરે ? એ દ્રવ્યની એ સમયની પર્યાય ન હતી કે બીજો દ્રવ્ય કરાવે ? દરેક દ્રવ્યમાં પોતપોતાના સ્વરૂપથી પોતાની પર્યાય થાય છે, તો તેમાં બીજો દ્રવ્ય શું લઈ-દઈ શકે ? શરીરની ચાલવાની ક્રિયા થઈ તો તે શરીરના સ્વરૂપથી થઈ છે ને આત્માને ઈચ્છા થઈ તે ઈચ્છા પોતાના સ્વરૂપથી થઈ છે તો ઈચ્છા-શરીરનું શું કરી નાખે ? શરીરનું સ્વરૂપ પરસ્વરૂપે છે, ઈચ્છા નિમિત્ત થઈને તે શરીરની ક્રિયાને શી રીતે કરી દે ?

ખાવાની ઈચ્છા થઈ, તો ઈચ્છાએ પોતાનું ક્યું સ્વરૂપ જડમાં ભેળવી દીધું કે ઈચ્છા ખાવાની ક્રિયાને કરે ? ઈચ્છા આત્માના વિકૃત સ્વરૂપે રહેનારો ભાવ છે ને હોઠ, દાંત આદિ જડ સ્વરૂપે છે. શું ઈચ્છાનું સ્વરૂપ જડમાં પેસી જાય છે કે ઈચ્છા હોંઠ, દાંત આદિની ક્રિયાને કરી દ્યે ?

પરપદાર્થ તને કાંઈ નુકસાન કરી શકતા નથી ને તું પણ પર પદાર્થનું નુકસાન કરી શકતો નથી, પણ તારો ભાવ તે પ્રાણીનું નુકસાન કરવાનો હતો ને તેને પાપના ઉદયે નુકસાન થયું ને તેવી રીતે તેને એવો ભાવ આવ્યો કે તને નુકસાન કરું પણ તેનાથી તને નુકસાન થતું નથી માટે તું સમતા રાખ, સમતા રાખ.

અરે ! આ દીકરાનું મેં કેવી રીતે લાલન-પાલન કર્યું, એના માટે હું કેટલો હેરાન થયો ને હવે લગ્ન કરી દીધાં ત્યાં કહે કે અમને જુદા કરી દ્યો ! અરે દીકરા ! અમારા

**દૂરે રહો રહિત દોષ સ્તુતિ તમારી, ત્હારી કથા પણ અહો ! જન–પાપહારી;**
**દૂર રહે રવિ તથાપિ તસ પ્રભાએ, ખીલે સરોવર વિષે કમળો ઘણાંએ ! ૯.**

ધોળામાં તું ધૂળ નાખે છે ? બાપુ ! પણ દીકરો તને શું કરે ? દીકરાના ભાવ દીકરા પાસે રહ્યા, તારો પાપનો ઉદય હોય ને એમ બનવાનું હોય તો બનશે, બનશે ને બનશે, તારે તો સમતા રાખવી. અરે ભાઈ ! કોણ કોના દીકરા ને કોણ જુદા પડે ને કોણ એકઠા રહે ?—એ તો બધી ભ્રમણા છે. એ તો પૂર્વના ઉદયે આવ્યા ને ઉદય પૂરો થતાં ચાલ્યા જાય છે. તેમાં તેં કર્યું શું ? કોઈ કોઈના પરિણામે કોઈ કરતું નથી. માટે સમતા રાખ.

બાપુ ! પર દ્રવ્યના પરિણામ તે કરે ને તારા પરિણામ તું કરે, તારા પરિણામથી એનામાં કાંઈ થાય કે એવા પરિણામ તને નુકસાન કરે એવું કદી બનતું નથી. માટે કોઈ પ્રાણી ઉપર ગુસ્સો કરવો એ તો અન્યાય છે. તે વાત દૃષ્ટાંતથી કહે છે કે ઊભા ઊભા ઝાડુ કાઢવા માટેના લાકડીએ બાંધેલા ઝાડુ ઉપર ગુસ્સો કરીને પગ ઉપાડીને પગેથી મારવા જાય તો લાકડીવાળું ઝાડુ હાથમાં રહી જાય ને પોતે જમીન ઉપર પડે, એમાં નુકસાન કોને ? પોતાને માટે અહિત કરનાર પ્રાણીઓ પ્રત્યે પોતાનું હિત ચાહતા જીવે અપ્રીતિ ન કરવી જોઈએ.

જગતમાં કોઈ તારું શત્રુ કે મિત્ર નથી, દરેક પર પદાર્થ સ્વતંત્ર છે. માટે પોતાનું હિત ચાહનારા બુદ્ધિમાન પુરુષોએ કોઈ પ્રત્યે દ્વેષ કરવો નહિ. તે તે પર પદાર્થો તેની યોગ્યતા પ્રમાણે પરિણમે છે, તારે એની સાથે શું સંબંધ છે ? એમ સમતા રાખીને, શાંતિ રાખીને જ્ઞાતા-દ્રષ્ટા રહેવું, દ્વેષ નહિ કરવો. અજ્ઞાન છોડીને, ગુસ્સો છોડીને સમતા રાખવી. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૧૪ થી ચાલુ) (વૈરાગ્ય-ભાવના પ્રવચન)

અવસ્થા બદલાઈ જાય છે. આકાશના એક પ્રદેશેથી બીજા પ્રદેશમાં પરમાણુ ધીમી ગતિએ જાય છે, તેને એક સમય કહેવામાં આવે છે.

● જઘન્યયુક્ત અસંખ્યાત સમયની એક આવલી ● અસંખ્યાત આવલીનો એક ઉચ્છ્વાસ ● સાત ઉચ્છ્વાસનો એક સ્તોક ● સાત સ્તોકનો એક લવ ● સાડા આડત્રીસ લવની એક ઘડી ● બે ઘડીનો એક મુહૂર્ત ● ત્રીસ મુહૂર્તનો એક રાત-દિવસ ● પંદર દિવસ-રાત્રિનો એક પક્ષ ● બે પક્ષનો એક મહિનો ● બે મહિનાની એક ઋતુ ● ત્રણ ઋતુનો એક અયન ● બે અયનનો એક વર્ષ થાય છે.

આ પ્રમાણે પલ્ય-સાગર-કલ્પ ઈત્યાદિનો વ્યવહારકાળના અનેક ભેદ છે.

(ક્રમશઃ)

**આશ્ચર્ય ના ભુવનભૂષણ ! ભૂતનાથ ! રૂપે ગુણે તુજ સ્તુતિ કરનાર સાથ,**
**તે તુલ્ય થાય તુજની, ધનિકો શું પોતે, પૈસે સમાન કરતા નથી આશ્રિતોને ? ૧૦.**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

(૩) આ બોલમાં ક્ષેત્રથી અભેદતાની વાત કરે છે. માટીમાંથી ઘડો, રામપાત્ર વગેરેના અનેક આકારો થાય છે, છતાં માટી સામાન્યપણે એક છે. વ્યંજનપર્યાયો અનેક થાય છે છતાં માટી એકરૂપ રહેલી છે, તેમ આત્મભગવાનની અસંખ્યપ્રદેશી વ્યંજનપર્યાય મનુષ્યરૂપે પરિણમે, સંસારના જુદા જુદા ભવોમાં પ્રદેશત્વગુણને લીધે વ્યંજનપર્યાય અનેકરૂપ થવા છતાં આત્મા અસંખ્યપ્રદેશી એકરૂપ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. જુદી જુદી વ્યંજનપર્યાય છે ખરી, પાણીનો આકાર જુદો જુદો થાય છે તે તપેલા અથવા વાસણને લીધે નહીં પણ પોતાના કારણે થાય છે, તેમ જુદા જુદા નારકી, મનુષ્ય વગેરેના શરીરના આકારે અનેકરૂપ વ્યંજનપર્યાયો થાય છે તે ખરી છે, તે વ્યવહારનયનો વિષય છે, પણ તે આદરવા જેવો નથી—અભૂતાર્થ છે.

ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ ।
भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी सम्माइट्ठी हवइ जीवो ।।११।। (—સમયસાર)

વ્યવહાર અભૂતાર્થ છે, સર્વજ્ઞે ભૂતાર્થનયને આશ્રયે ધર્મ કહેલ છે.

કર્મનો બંધભાવ એક સમય પૂરતો છે, પણ નિશ્ચયથી તે અભૂતાર્થ છે. શરીરના આકાર મુજબ પર્યાયમાં સંકોચ-વિસ્તાર વ્યવહારનયે છે પણ કોઈ કહે કે તે તદ્દન ભ્રમ છે અથવા બિલકુલ નથી—એમ કહે તો તે ખોટો છે, પણ તે વ્યવહારનયના આશ્રયે ધર્મ થાય એમ બનતું નથી, પણ એકરૂપ શુદ્ધસ્વભાવના આધારે સમ્યગ્દર્શન થાય છે. તે ભૂતાર્થનયનો વિષય છે.

આ બોલમાં દ્રવ્યદષ્ટિએ ક્ષેત્ર એક સરખું છે એમ કહી ક્ષેત્રની અભેદતા બતાવી સ્વભાવની એકરૂપ દૃષ્ટિ કરવા માટે કહેલ છે.

(૪) હવે સ્વકાળની વાત કરે છે.

**જો દર્શનીય પ્રભુ એક ટસેથી દેખે, સંતોષથી નહિ બીજે જન-નેત્ર પેખે;**
**પી ચન્દ્રકાન્ત પય ક્ષીરસમુદ્ર કેરૂં, પીશે પછી જળનિધિ જળ કોણ ખારૂં? ૧૧.**

દરિયો તરંગોરૂપથી વૃદ્ધિ-હાનિ પામે છે, પણ દરિયો તે દરિયો જ છે, સમુદ્રપણું એકરૂપ છે.

ભગવાન આત્માની પર્યાયમાં સ્વપરિણામ થયા કરે છે. જેમ કાળદ્રવ્યનું લક્ષણ વર્તના તેનાથી છે, તેમ છયે દ્રવ્યોની પર્યાય પોતાથી વર્તે છે. તે પર્યાયનો સ્વકાળ છે ભગવાન આત્મા સ્વકાળમાં વર્તતાં, દયા, દાન, કામ, ક્રોધાદિ પરિણામમાં વર્તે છે. પોતાના કાળે ને પોતાના કારણે અસંખ્ય પ્રકારના શુભ અને અશુભ પરિણામરૂપે પરિણમે છે વિભાવ વડે વૃદ્ધિ-હાનિ પામે છે, પણ અંતરમાં જુઓ તો આત્મા એકરૂપ બિરાજે છે, તે સમ્યગ્દર્શનનો વિષય છે.

ત્રીજા બોલમાં વ્યંજનપર્યાયની વાત લીધી હતી. આકૃતિઓ પલટતી હતી છતાં અસંખ્ય પ્રદેશમાં ઓછાવત્તાપણું થયું નથી. કેવળદશા પામે કે નિગોદમાં રહે તોપણ નિશ્ચયથી એકપણું છે તે સમ્યગ્દર્શનનો વિષય છે તેમ અહીં કાળમાં અર્થપર્યાય લીધી છે. સમ્યગ્દષ્ટિ જીવ વ્યવહારને જાણે છે, પણ આદરતો નથી. વિભાવનું ઓછાવત્તાપણું પર્યાયમાં છે છતાં એકરૂપપણું મારામાં છે એમ તે માને છે. સામાન્યપણું દ્રવ્યનું તથા ક્ષેત્રનું કહ્યું તે અહીં સામાન્યપણું કાળનું કહ્યું તે સમ્યગ્દર્શનનો વિષય છે.

(૫) હવે, ભાવની વાત કરે છે. સોનામાં પીળાશ, ચીકાશ, વજન વગેરે અપેક્ષાએ ભેદ છે. ગુણભેદે ભેદ છે. પણ સોનું વસ્તુએ તો એક છે. તેમ આત્મામાં અનંત ગુણો છે, તે ગુણ-ભેદનો વિકલ્પ ચિત્તના સંગે ઊઠે છે. હું જ્ઞાન છું, હું દર્શન છું— એવા ભેદ પડે છે, ગુણભેદે ભેદ છે. ગુણભેદનો વિકલ્પ કર્મના લક્ષે ઊઠે છે પણ વસ્તુમાં ગુણભેદ નથી. સોનામાં વાનભેદે, સ્પર્શભેદે ભેદ દેખાય છે, તેમ આત્મામાં અનંત ગુણો છે. તે ભેદ અને વિકલ્પ વ્યવહારનયનો વિષય છે, પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર કોઈના પ્રદેશો જુદા નથી, ગુણ-ગુણી પ્રદેશે અભેદ છે.

(૧-૨) વ્યવહારનયથી પર્યાયમાં કર્મનો સંબંધછે, છતાં નિશ્ચયથી આત્મા કર્મથી બંધાયેલો નથી, તેમ જ સ્પર્શાયેલો નથી. દ્રવ્યે એકરૂપ છે.

(૩) વ્યવહારનયથી પર્યાયમાં અનેક પ્રકારના આકારો થાય છે, છતાં નિશ્ચયથી આત્મા ક્ષેત્રે અસંખ્યપ્રદેશી એકરૂપ છે.

(૪) વ્યવહારનયથી સ્વકાળે અનેક પ્રકારની અર્થપર્યાયોમાં હાનિવૃદ્ધિ થાય છે, છતાં નિશ્ચયથી આત્મા સ્વકાળે એકરૂપ છે.

**જે શાંતરાગ રુચિનાં પરમાણુ માત્ર, તે તેટલાં જ ભુવિ આપ થયેલ ગાત્ર;**
**એ હેતુથી ત્રિભુવને શણગાર રૂપ, ત્હારા સમાન નહિ અન્યતણું સ્વરૂપ. ૧૨.**

(૫) વ્યવહારનયથી અનેક ગુણોના ભેદો છે પણ નિશ્ચય દૃષ્ટિથી આત્મામાં તેવા ગુણભેદો નથી. આત્મા ભાવે એકરૂપ અભેદ છે.

એવો આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન પ્રગટતાં જે જ્ઞાન પ્રગટે છે તે અભેદ આત્માને જાણે છે તથા ગુણભેદને પણ જાણે છે. આમ પ્રમાણજ્ઞાન યથાર્થ હોય છે. સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં જૈનશાસનનો સાર આવેલ છે. સમ્યગ્દર્શનપર્યાય છે, તે પર્યાય-નિમિત્ત, રાગ કે પર્યાયમાંથી પ્રગટતી નથી, પણ આત્મદ્રવ્યમાંથી પ્રગટે છે. સમ્યગ્દર્શનનો વિષય આત્મદ્રવ્ય છે.

એક આત્મામાં અનંત ગુણો છે, તેમાંથી એક પણ ગુણ ઓછો માને તે જીવ મૂઢ છે એકલા ગુણભેદને જ સ્વીકારે તે મિથ્યાદૃષ્ટિ છે. અહીં અભેદ સામાન્યની વાત કરે છે. ધ્રુવ સ્વભાવમાં બધા ગુણો અભેદ એકાકાર છે પણ આ જ્ઞાન છે, આ આનંદ છે એમ ભેદબુદ્ધિ થતાં તેના ઉપર લક્ષ જાય છે. તેવો ચિત્તના સંગનો વિકલ્પ વ્યવહારનયનો વિષય છે. તેને અભૂતાર્થ ઠરાવીને અનંતગુણોના પિંડસ્વરૂપ અભેદ આત્માને ભૂતાર્થ કહેલ છે. સમ્યગ્દર્શન પામવાનો આ એક જ પંથ છે.

(૬) શ્રી સમયસાર ગાથા ૧૪માં પાંચમો દાખલો પાણીનો આપ્યો છે. વર્તમાન અપેક્ષાએ ગરમ પાણીમાં ઉષ્ણતા દેખાય છે તે અગ્નિને લીધે નથી. અગ્નિ અને પાણી વચ્ચે અન્યોન્ય અભાવ છે. વર્તમાન દૃષ્ટિએ પાણીની ઉષ્ણતા ભૂતાર્થ છે, પણ પાણીના મૂળ સ્વભાવથી જુઓ તો તે અભૂતાર્થ છે, કેમકે પાણી સ્વભાવે શીતળ છે.

અહીં સ્ફટિકનો દાખલો આપ્યો છે. સ્ફટિકમાં લીલી-લાલ અવસ્થા ભાસે છે. તે પરને લીધે નથી. તે તેની પર્યાયનો ધર્મ છે. તેમ સમકિતી પર્યાયને જાણે ખરો પણ તેનો આદર કરતો નથી. સ્ફટિક રંગીન કપડાને લીધે જુદા જુદા રંગોરૂપે દેખાય છે, પણ તે સ્વભાવે તો સ્વચ્છ છે.

તેમ કામ-ક્રોધાદિનું વેદન દેખાય છે તે કર્મરૂપી અગ્નિના સંયોગે દેખાય છે, આ બોલમાં અનુભવની વાત કરી છે. વર્તમાનમાં હરખ-શોકનો અનુભવ કર્મના લક્ષે દેખાય છે, પણ નિશ્ચયદૃષ્ટિએ ચેતનામાં હરખ-શોકનો અનુભવ નથી. (ક્રમશઃ)

**ત્રૈલોક સર્વ ઉપમાને જે જીતનારું, ને નેત્ર, દેવ–નર–ઉરગ હારી તારું,**
**ક્યાં મુખ ક્યાં વળી કલંકિત ચંદ્રબિંબ, જે દિવસે પીળચટું પડી જાય ખૂબ. ૧૩.**




## ધન્યા તે ભગવંતા

આરાધના પ્રત્યેનો ઉત્સાહ

આચાર્યદેવ આરાધનાના આરાધક જીવો પ્રત્યે પ્રમોદથી કહે છે કે

અહો ! રત્નત્રયના આરાધક તે ભગવંતો ધન્ય છે– !

धण्णा ते भयवंता दंसणणाणग्गपवरहत्थेहिं ।

विषयमयरहरपडिया भविया उत्तारिया जेहिं ।।१५७।।

અહો, જગતમાં ધન્ય હોય તો તે આવા ધર્માત્મા છે કે જેઓ દર્શન-જ્ઞાનરૂપી બે બળવાન હાથની પ્રધાનતા વડે ભવસમુદ્રને તરી જાય છે, ને વિષયોરૂપી મગરથી ભરેલો જે સંસાર તેમાં પડેલા ભવ્યજીવોને પણ પાર ઉતારે છે. આવા ભગવંતો જગતમાં ધન્ય છે. આચાર્યદેવ પ્રમોદથી કહે છે કે અહો, જેઓ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સહિત છે, તે ઉપરાંત ચિદાનંદસ્વરૂપમાં લીન થયા છે, એ રીતે ઉત્તમ આરાધના વડે સંસારને તરે છે–તેમનો અવતાર સફળ છે, અને બીજા જીવોને પણ તેઓ આરાધનામાં જોડીને સંસારથી પાર ઉતારે છે–આવા ભગવંતો ધન્ય છે.

હે સત્પુરુષ જ્ઞાનીધર્માત્મા ! આપ તો રત્નત્રયની આરાધના વડે સંસારસમુદ્રથી પાર ઊતર્યા, ને એવી આરાધનાનો ઉપદેશ આપીને બીજા જીવોને પણ સંસારસમુદ્રથી પાર ઉતાર્યા. ઘોર સંસારસમુદ્રમાં પડેલા જીવોને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી બે હાથના અવલંબન વડે પાર ઉતાર્યા. હે ભગવાન ! આપ ધન્ય છો....પોતાને તરતાં આવડે તે જ બીજાને તારવાનું નિમિત્ત થાય. આ જગતના પ્રાણીઓ ચૈતન્યને ચૂકીને વિષયકષાયથી ભરેલા ભવસમુદ્રમાં ડૂબી રહ્યા છે, ત્યાં મહાઆરાધક સંતો પોતે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનાથી તર્યા ને બીજા ભવ્ય જીવોને તેનો માર્ગ દર્શાવીને ભવથી પાર ઉતાર્યા. કુંદકુંદાચાર્યદેવ કહે છે કે અહો ! ધન્ય તે ભગવંતા ! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો તેમના બે મુખ્ય હાથ છે, તેના બળે ભવ્યજીવોને તારે છે. આવા સંતધર્માત્મા કે ઈન્દ્રો વડે પણ પૂજ્ય છે, જગતમાં તે જ ખરેખર ધન્ય છે. એ સિવાય બીજા વૈભવવાળાને કે રાજા-મહારાજાઓને પણ ખરેખર ધન્ય કહેતા નથી. આમ જાણીને તું આરાધક જીવો પ્રત્યે ભક્તિથી આરાધનાનો ઉત્સાહ કર,–એમ ઉપદેશ છે.

આરાધક જીવોને ધન્ય છે. તેમને ભક્તિથી નમસ્કાર હો.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—પાંચ પરાવર્તનમાં જીવ રખડ્યો છે તે વ્યવહારથી રખડ્યો છે કે નિશ્ચયથી?**

ઉત્તર :—પાંચ પરાવર્તનમાં પોતાના ભાવથી રખડ્યો છે તે નિશ્ચયથી છે. પણ ત્રિકાળી ધ્રુવસ્વભાવની અપેક્ષાથી પાંચ પરાવર્તનના ભાવ પર્યાયમાં હોવાથી પર્યાયને વ્યવહાર કહેવામાં આવે છે. પાંચ પરાવર્તનમાં જીવ રખડ્યો છે તે વ્યવહારથી રખડ્યો છે તેમ નથી, પણ ખરેખર રખડ્યો છે. પ્રવચનસારમાં જીવના વિકારભાવને નિશ્ચય કહેવામાં આવ્યો છે.

**પ્રશ્ન :—ત્રિકાળી નિષ્ક્રિય ચૈતન્ય તે જ પરમાર્થ જીવ છે. બંધ મોક્ષ પર્યાયને કરે તે તો વ્યવહાર જીવ છે. તો કેટલા પ્રકારના જીવ છે?**

ઉત્તર :—બે પ્રકારના જીવ છે, એક પરમાર્થ જીવ છે ને બીજો વ્યવહાર જીવ છે. પરમાર્થ જીવ તો ત્રિકાળી નિષ્ક્રિય મોક્ષસ્વરૂપ જ છે અને બંધ મોક્ષરૂપે પર્યાય પરિણમે છે તે વ્યવહાર જીવ છે.

**પ્રશ્ન :—જે ઘરે જવું ન હોય તેને જાણવાનું શું કામ? તેમ વ્યવહારને છોડવા જેવો છે તો તેને જાણવાનું શું કામ છે?**

ઉત્તર :—જે ઘરે જવું ન હોય તેને પણ જાણવું જોઈએ. એ ઘર પોતાનું નથી પણ બીજાનું છે તેમ જાણવું જોઈએ. તેમ પર્યાયનો આશ્રય કરવાનો નથી તેથી તેનું જ્ઞાન પણ નહિ કરે તો એકાન્ત થઈ જશે, પ્રમાણજ્ઞાન નહિ થાય, પર્યાયનો આશ્રય છોડવા યોગ્ય હોવા છતાં તેનું જેમ છે તેમ જ્ઞાન તો કરવું પડશે, તો જ નિશ્ચયનયનું જ્ઞાન સાચું થશે.

**પ્રશ્ન :—જે વ્યવહાર–નિશ્ચયને બતાવે તેનો કાંઈ ઉપકાર ખરો?**

ઉત્તર :—ના, વ્યવહાર નિશ્ચય સુધી પહોંચાડતો નથી, તેનાથી કાંઈ કાર્યસિદ્ધિ થતી નથી. વ્યવહાર અનુસરવા લાયક નથી. દર્શન-જ્ઞાન-ચારિત્રનો ભેદ પાડીને સમજાવવો પડે છે. ને ભેદથી આત્મા સમજવો પડે છે એટલો વ્યવહાર હોય જ છે, તોપણ તે અનુસરવા લાયક ચીજ નથી એક જ્ઞાયકને જ લક્ષમાં લેવા જેવો છે.

**પ્રશ્ન :—વ્યવહાર પ્રતિક્રમણ ક્યારે સફળ કહેવાય?**

ઉત્તર :—જિનેન્દ્ર ભગવાન એમ કહે છે કે અમારા વીતરાગ સંતોએ શાસ્ત્રોમાં

દ્રવ્યશ્રુતાત્મક વ્યવહાર પ્રતિક્રમણ આદિ કહ્યાં છે તેને સાંભળીને, તેને જાણીને સકળ સંયમની ભાવના કરે છે તેને વ્યવહાર પ્રતિક્રમણનું જાણપણાનું સફળપણું છે–સાર્થકપણું છે. પ્રતિક્રમણ આદિ જેટલા પ્રકારના વ્યવહાર શાસ્ત્રમાં કહ્યાં છે તે બધો વ્યવહાર બંધનું કારણ છે, એને છોડીને અંદર આનંદ સ્વરૂપમાં જાય તેને વ્યવહારનું સફળપણું કહેવાય. જેટલા ક્રિયાકાંડ-વ્યવહાર કહેવામાં આવે છે તેને છોડીને શુદ્ધસ્વરૂપના અનુભવમાં જાય તો તેને વ્યવહાર જાણવાનું સફળપણું થયું કહેવાય. પણ જે શુદ્ધ સ્વરૂપ સન્મુખ થતો નથી અને એકલા વ્યવહારમાં જ રહે ને આત્માના આનંદ સ્વરૂપમાં ન જાય તો તેનો વ્યવહાર એકલો સંસારમાં રખડવાનું કારણ છે.

**પ્રશ્ન :—વ્યવહારથી નિશ્ચય થાય એમ અહીં કહ્યું ?**

ઉત્તર :—વ્યવહારથી નિશ્ચય થાય એમ કહ્યું નથી પણ વ્યવહારને જાણીને એનું લક્ષ છોડીને નિશ્ચય આનંદ સ્વરૂપમાં જવાનું કહ્યું છે. વ્યવહાર છોડીને આનંદ સ્વરૂપ આત્મામાં જાય–વીતરાગ સ્વરૂપ આત્મામાં જાય તેને વ્યવહાર જાણવાનું સફળપણું કહ્યું છે. જે વીતરાગ સ્વરૂપ આત્મામાં ઢળે છે તેના વ્યવહારને નિમિત્તપણું કહ્યું છે. પણ જે વ્યવહારમાં જ ઊભો રહે અને નિશ્ચય સ્વરૂપમાં જાય નહિ તેને વ્યવહારનું સફળપણું થતું નથી અને તેના વ્યવહારને વ્યવહાર પણ કહેવાતો નથી. ભગવાનની ભક્તિ કરે, દયા-દાન કરે, જાત્રા કરે, મંદિર બંધાવે સાચા મુનિઓને સાંભળે પણ એનાથી ધર્મ થતો નથી. એ બધા શુભ ભાવો છે.

**પ્રશ્ન :—લાગેલા દોષોનું પ્રતિક્રમણ આદિ કરવાથી આત્મા શુદ્ધ થઈ જાય છે, તો પછી પ્રથમથી જ શુદ્ધાત્માના આલંબનનો ખેદ શું કામ કરવો ?**

ઉત્તર :—શુદ્ધાત્માના ભાન વિનાના વ્યવહાર પ્રતિક્રમણ આદિ છે તે દોષને ઘટાડવા–ટાળવા સમર્થ નથી. કેમ કે આત્માનું આલંબન આવ્યું નથી તેને તો રાગમાં એકતાબુદ્ધિ પડી હોવાથી તેના શુભરાગના ક્રિયાકાંડ એકલા દોષરૂપ જ છે, એ દોષ મટાડવા સમર્થ નથી. અજ્ઞાનીના અપ્રતિક્રમણ આદિ તો પાપરૂપ વિષકુંભ જ છે અને શુભરાગરૂપ પ્રતિક્રમણ આદિ પણ આત્માનું આલંબન નથી તેથી તેને તો તે વિષકુંભ જ છે. જ્ઞાનીના પ્રતિક્રમણ આદિને આત્માનું આલંબન હોવાથી વ્યવહારનયે જ અમૃતકુંભ કહ્યાં છે. જ્ઞાનીને સ્વરૂપમાં સ્થિર રહી શકાય નહિ ત્યારે અશુભથી બચવા શુભરાગ આવે છે. આચાર શાસ્ત્રોમાં જેટલા શુભક્રિયાકાંડની વાત આવે છે તેને વ્યવહારનયે જ અમૃતરૂપ કહેવાય છે પણ નિશ્ચયનયે તો ઝેરરૂપ જ છે–બંધરૂપ જ છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન* :—વિકલ્પમાં તત્ત્વના વિચારો તો ઘણા ચાલ્યા કરે છે પણ તત્ત્વનિર્ણય સુધી પહોંચાતું નથી, વિકલ્પમાં તત્ત્વના વિચારો સિવાય લાંબું કાંઈ દેખાતું નથી. તો શું કરવું જોઈએ?

**સમાધાન** :—પોતાના પુરુષાર્થની મંદતા છે એટલે આગળ જઈ શકતો નથી. તત્ત્વનો અભ્યાસ છે એટલે તત્ત્વના વિચારો કર્યા કરે; પણ આ જ્ઞાયક તે જ હું છું એમ તેને (ઊંડાણથી) ગ્રહણ કરીને જ્ઞાયકની શ્રદ્ધા કરતો નથી. શ્રદ્ધાના બળથી હું જ્ઞાયક છું તેવો ભેદજ્ઞાનનો અભ્યાસ-બોલવા રૂપે નહિ પણ અંતરમાંથી કર્યા વગર આગળ જઈ શકાતું નથી. દ્રવ્યદૃષ્ટિના જોરથી ને ભેદજ્ઞાનના અભ્યાસના જોરથી તે આગળ જઈ શકે છે.

તત્ત્વના નિર્ણય પછી પણ શ્રદ્ધાનું બળ જોરદાર રાખીને ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા કરવો. તે વગર આગળ જઈ શકાતું નથી.

મુમુક્ષુઃ—સ્વ-પરનું સ્વરૂપ બુદ્ધિમાં બરાબર બેસી જાય છે, છતાં શુષ્કતા જેવું લાગે છે અને ભાવથી ભીંજાઈને જે આવવું જોઈએ તે આવતું નથી, તો આ સ્થિતિમાં શું કરવું? તે કૃપા કરીને સમજાવશો.

બહેનશ્રીઃ—પોતાનું કારણ પોતે પકડવાનું છે. અંદરથી હૃદય ભીંજવીને, આત્માની મહિમા લાવીને, તત્ત્વના નિર્ણયને દૃઢ કરીને તેમ જ તેનો પુરુષાર્થ કરીને પોતે જ આગળ જવાનું છે. જે એકત્વબુદ્ધિ થઈ રહી છે તેને તોડ્યે જ છૂટકો છે. બંને સામસામું છે – અહીં સ્વમાં એકત્વબુદ્ધિ કરવાની છે અને પરથી છૂટું પડવાનું છે. જ્ઞાયક નિરાળો છે. તે નિરાળાને નિરાળારૂપે પરિણમનમાં લાવવાનો છે. આ કર્યા વગર છૂટકો નથી. દ્રવ્ય ઉપરની દૃષ્ટિના જોરપૂર્વક ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો, તેના વગર બીજો કોઈ ઉપાય નથી. આમ અંતરમાં પોતે પોતાના હૃદયને ભીંજવીને પુરુષાર્થ કરવો, આ એક જ ઉપાય છે. સ્વ તરફ જવું હોય તો આ જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી, તેવો નિર્ણય પોતાને આવવો જોઈએ અને તે નિર્ણયના બળે તેવી જાતનો પુરુષાર્થ પોતે કરે તો થાય.

મુમુક્ષુઃ—નિર્ણય એમ જ છે કે જ્ઞાયકના આશ્રય વિના સમ્યગ્દર્શન પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય નથી, પણ બળ આવતું નથી, તો શું કરવું?

બહેનશ્રીઃ—અંદરનો પુરુષાર્થ કર્યા વગર, લગની લગાડ્યા વગર છૂટકો જ નથી. અનાદિનો બીજો અભ્યાસ છે અને પુરુષાર્થની મંદતા છે એટલે ગમે ત્યાં ક્યાંક રોકાયા કરતો જ હોય છે. પણ ભેદજ્ઞાનનો વારંવાર—વારંવાર અભ્યાસ કર્યા જ કરે તે જ ઉપાય છે.

મુમુક્ષુઃ—આપ કહો છો તે વાત સાચી છે કે જીવ ક્યાંક રોકાતો હોય છે, અને જ્યાં રોકાય છે તેનો ખ્યાલ પણ આવે છે, પણ તે વખતે કઈ રીતે જુદું પડવું?

બહેનશ્રીઃ—જ્ઞાનથી નિર્ણય કર્યો, પણ અંદરથી હૃદય એટલું ભીંજાયેલું હોય—પોતાને અંદરથી ખટક લાગે તો છૂટો પડે. અંદરમાંથી ખટક લાગવી જોઈએ તેમ જ જ્ઞાયકની મહિમા આવવી જોઈએ, આ વિભાવ માત્ર દુઃખરૂપ છે તેવું અંદર વેદનમાં લાગવું જોઈએ; આ વિભાવ દુઃખરૂપ છે ને દુઃખફળરૂપ છે તેવી ખટક લાગે તો તેનાથી છૂટો પડે. નિર્ણય પછી પણ તેને પોતાને ખટક લાગવી જોઈએ તો છૂટો પડે. માત્ર વિચાર કર્યા કરે એમ નહિ, પણ અંદરથી ખટક લાગવી જોઈએ.

મુમુક્ષુઃ—જ્યાં સુધી પોતાને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આમ જ કર્યા કરે?

બહેનશ્રીઃ—પોતાને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપી પોતાની શ્રદ્ધા જોરદાર કરવાનો પ્રયત્ન કરવો અને ભેદજ્ઞાન કરવું. આ એક જ માર્ગ છે. દ્રવ્ય—ગુણ—પર્યાયનું સ્વરૂપ ચારે બાજુથી સમજે, ચારે બાજુથી શાસ્ત્રનાં પડખાં વિચાર્યા કરે. તત્ત્વ વિચારે અને પોતે સ્વયં અંતરમાં વિચારી શાસ્ત્રમાં આવે છે તે પ્રમાણે નક્કી કરે. પોતાની શ્રદ્ધાનું બળ પોતે લાવવું જોઈએ કે આ હું જ્ઞાયક છું અને આ હું નથી.—આવું શ્રદ્ધામાં બળ લાવવું, એકવાર વિચાર કરે કે આ હું છું ને આ હું નથી તો કાંઈ ન થાય. પણ તે કાર્યમાં લાવવું જોઈએ, અંતર પરિણતિમાં લાવવું જોઈએ. ઉપાય તો આ એક જ છે.

જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદજ્ઞાનથી થયા છે. અને જે કોઈ નથી થયા તે ભેદવિજ્ઞાનના અભાવથી નથી થયા. ભેદજ્ઞાન ક્યાં સુધી ભાવવું? તેના બે અર્થ છે. એક એ કે જ્યાં સુધી આ આત્મા પોતે છૂટો પડીને સ્વરૂપમાં સ્થિર ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવવું અને બીજો અર્થ એ છે કે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવવું. જોકે શરૂઆતમાં (ભેદજ્ઞાનનો) અભ્યાસ સહજ હોતો નથી, તો પણ અભ્યાસ કર્યા કરે. સમ્યગ્દર્શન પામ્યા પહેલાં અને પછી પણ, કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવ્યા કરવું. દ્રવ્યદૃષ્ટિનું જોર—ભેદજ્ઞાનનું બળ—ઠેઠ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સાથે રહે છે. આ એક જ ઉપાય છે. અધૂરી દશા છે એટલે અણુવ્રત, પંચમહાવ્રત, દેવ—શાસ્ત્ર—ગુરુની મહિમા, વગેરે એવા શુભભાવો તેમ જ સમ્યગ્દર્શનના આઠ અંગરૂપ વ્યવહારિક ભાવો

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૪ ઉપર)

## બાળ વિભાગ

# સમ્યગ્દષ્ટિનાં નિઃશંકતાદિ આઠ ગુણનું વર્ણન

સમ્યગ્દર્શનનો અદ્‌ભુત મહિમા છે. પરદ્રવ્યોથી ભિન્ન પોતાના શુદ્ધ એકત્વસ્વરૂપ આત્માની રુચિ–અનુભૂતિ–શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. એવા સમ્યગ્દર્શનની સાથે જિનવચનમાં નિઃશંકતા વગેરે આઠ ગુણ હોય છે, તેનું આ વર્ણન છે—

૧. જિનવચનમાં શંકા ન કરવી.

૨. ધર્મના ફળમાં સંસારસુખની વાંછા ન કરવી.

૩. મુનિનું શરીર વગેરે મલિન દેખીને ધર્મપ્રત્યે ઘૃણા ન કરવી.

૪. તત્ત્વ અને કુતત્ત્વ, વીતરાગદેવ અને કુદેવ, સાચા ગુરુ અને કુગુરુ વગેરેના સ્વરૂપની ઓળખાણ કરવી, તેમાં મૂઢતા ન રાખવી.

૫. પોતાના ગુણને તથા અન્ય સાધર્મીના અવગુણને ઢાંકે અને વીતરાગભાવરૂપ જૈનધર્મની વૃદ્ધિ કરે, તેનું નામ ઉપગૂહન (અથવા ઉપબૃંહણ) અંગ છે.

૬. કામવાસના વગેરેને કારણે પોતાનો કે પરનો આત્મા ધર્મથી ડગી જવાનો કે શિથિલ થવાનો પ્રસંગ હોય તો વૈરાગ્યભાવના વડે કે ધર્મની મહિમા વડે પોતાને કે પરને ધર્મમાં સ્થિર કરે, દૃઢ કરે તે સ્થિતિકરણ છે.

૭. પોતાના સાધર્મીજનો પ્રત્યે ગાય–વાછરડા સમાન સહજ આત્મભાવ રાખવો તે વાત્સલ્ય છે.

૮. પોતાની શક્તિવડે જૈનધર્મની શોભા વધારવી, તેનો મહિમા પ્રસિદ્ધ કરીને તેને દીપાવવો, તે પ્રભાવના છે.

આવા નિઃશંકતા વગેરે આઠ ગુણો વડે સમ્યગ્દષ્ટિ જીવ શોભે છે; તેમાં નિશંકતાઅંગનું પાલન કરનાર અંજનચોરની વાર્તા તમે હમણાં વાંચી. તે નિઃશંકતા–અંગનું વર્ણન હવે આપ વાંચો.

### (૧) નિઃશંકતા–અંગનું વર્ણન

સર્વજ્ઞ જિનદેવે જેવા કહ્યા તેવા જ જીવાદિ તત્ત્વો છે, તેમાં ધર્મીને શંકા હોતી નથી. સર્વજ્ઞના સ્વરૂપનો નિર્ણય તો કર્યો છે એટલે ઓળખાણપૂર્વકની નિઃશંકતાની આ વાત છે. ઓળખ્યા વગર માની લેવાની આ વાત નથી. જીવ શું, અજીવ શું વગેરે તત્ત્વો તો

અરિહંતદેવે કહ્યા તે પ્રમાણે પોતે સમજીને તેની નિઃશંક શ્રદ્ધા કરે અને કોઈ સૂક્ષ્મ તત્ત્વ ન સમજાય તે વિશેષ સમજવા માટે જિજ્ઞાસાથી પ્રશ્નરૂપ શંકા કરે, તેથી કાંઈ તેને જિનવચનમાં સંદેહ નથી. સર્વજ્ઞકથિત જૈનશાસ્ત્રોમાં કહ્યું છે તે સાચું હશે કે અત્યારના વિજ્ઞાનીઓ કહે છે તે સાચું હશે!—એવો સંદેહ ધર્મીને રહેતો નથી. અહા! જેને સર્વજ્ઞસ્વભાવ પ્રતીતમાં આવ્યો, પરમ અતીન્દ્રિયવસ્તુ પ્રતીતમાં આવી, તેને સર્વજ્ઞના કહેલાં તત્ત્વો—છ દ્રવ્યો, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરે (ભલે તે બધા પોતાને પ્રત્યક્ષ ન હોય છતાં) તેમાં શંકા ન હોય. નિશ્ચયમાં પોતાના જ્ઞાનસ્વભાવરૂપ આત્માની પરમ નિઃશંકતા છે ને વ્યવહારમાં દેવ-ગુરુ-ધર્મમાં નિઃશંકતા છે. જૈનધર્મ એક જ સાચો હશે કે જગતમાં બીજા ધર્મો કહેવાય છે તે સાચાં હશે!—એવી જેને શંકા છે તેને તો સ્થૂળ મિથ્યાત્વ છે, તેને વ્યવહારધર્મની નિઃશંકતા પણ નથી. વીતરાગી જૈનધર્મ સિવાય બીજા કોઈ માર્ગની માન્યતા તો ધર્મીને રૂવાંડેય ન હોય.

જેમ માતાના ખોળામાં બાળક નિઃશંક છે કે આ માતા મારું હિત કરશે; તેને શંકા નથી કે કોઈ મારશે તો માતા મને બચાવશે કે નહીં? તેમ જિનવાણીમાતાની ગોદમાં ધર્મી નિઃશંક હોય છે કે આ જિનવાણી મને સત્યસ્વરૂપ બતાવીને મારું હિત કરનારી છે. સંસારથી તે મારી રક્ષા કરશે. આવી જિનવાણીમાં તેને સંદેહ પડતો નથી. પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા જેમણે કેવળજ્ઞાનનાં વીતરાગભાવે આખા વિશ્વને સાક્ષાત્ જોયું, તે પરમાત્માને ઓળખીને તેમાં નિઃશંક થવું ને તેમણે કહેલા માર્ગમાં તથા તેમણે કહેલા તત્ત્વોમાં નિઃશંક થવું, તે નિઃશંકતા–ગુણ છે.

## નિઃકાંક્ષિત–અંગમાં પ્રસિદ્ધ
## અનંતમતિની કથા

અનંતમતિ! ચંપાપુરના પ્રિયદત્ત શેઠ તેના પિતા અને અંગવતી તેની માતા. તેઓ જૈનધર્મના પરમ ભક્ત અને વૈરાગી ધર્માત્મા હતા. તેમના ઉત્તમસંસ્કાર અનંતમતિને પણ મળ્યા હતા.


અનંતમતિ હજી તો સાત-આઠ વર્ષની બાલિકા હતી ને ઢીંગલા–ઢીંગલીની રમત રમતી હતી. એવામાં એકવાર અષ્ટાહ્નિકા વખતે ધર્મકીર્તિ મુનિરાજ પધાર્યા અને સમ્યગ્દર્શનનાં આઠ અંગનો ઉપદેશ આપ્યો; તેમાં નિઃકાંક્ષિતગુણનો ઉપદેશ આપતાં કહ્યું કે—

હે જીવો ! સંસારના સુખની વાંછા છોડીને આત્માના ધર્મની આરાધના કરો. ધર્મના ફળમાં જે સંસારસુખની ઈચ્છા કરે છે તે મૂર્ખ છે. સમ્યક્ત્વ કે વ્રતના બદલામાં મને દેવની કે રાજની વિભૂતિ મળો—એમ જે વાંછા કરે છે તે તો સંસારસુખના બદલામાં સમ્યક્ત્વાદિ ધર્મને વેચી દે છે. છાશના બદલામાં રત્ન-ચિંતામણિ વેચી દેનાર જેવો મૂર્ખ છે. અહા ! પોતામાં જ ચૈતન્ય—ચિંતામણિ જેણે દેખ્યો તે બાહ્યવિષયોની વાંછા કેમ કરે ?

અનંતમતિના માતા-પિતા પણ મુનિરાજનો ઉપદેશ સાંભળવા આવ્યા હતા અને અનંતમતિને પણ સાથે લાવ્યા હતા. ઉપદેશ બાદ તેમણે આઠ દિવસનું બ્રહ્મચર્યવ્રત લીધું અને ગમ્મતમાં અનંતમતિને કહ્યું કે તું પણ આ વ્રત લઈ લે. નિર્દોષ અનંતમતિએ કહ્યું : 'ભલે, હું શીલવ્રત અંગીકાર કરું છું.'

એ પ્રસંગને કેટલાક વર્ષો વીતી ગયા. અનંતમતિ હવે યુવાન થઈ, તેનું રૂપ સોળકળાએ ખીલી ઊઠ્યું. રૂપની સાથે ધર્મના સંસ્કારો પણ ખીલતા ગયા.

એક વાર સખીઓ સાથે તે બાગમાં હરવા-ફરવા ગઈ હતી ને એક ઝૂલા પર ઝૂલી રહી હતી. એવામાં ત્યાંથી એક વિદ્યાધરરાજા નીકળ્યો ને અનંતમતિનું અદ્ભુતરૂપ દેખીને તે મોહિત થઈ ગયો, એટલે વિમાનમાં તેને ઉપાડી ગયો. પણ એવામાં તેની રાણી આવી પહોંચી તેથી ભયભીત થઈને તે વિદ્યાધરે અનંતમતિને એક ભયંકર વનમાં છોડી દીધી. આમ, કુદરતયોગે એક દુષ્ટ રાજાના પંજામાંથી એની રક્ષા થઈ.



હવે, ઘોરવનમાં પડેલી અનંતમતિ પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતી જાય છે ને ભયભીત થઈને રુદન કરે છે કે અરે ! આ જંગલમાં હું ક્યાં જાઉં ? શું કરું ! અહીં કોઈ માણસ તો દેખાતું નથી....

એવામાં તે જંગલનો રાજા ભીલ શીકાર કરવા નીકળેલો, તેણે અનંતમતિને દેખી...અરે ! આ તે કોઈ વનદેવી છે કે શું ? આવી અદ્‌ભુત સુંદરી દૈવયોગે મને મળી છે–એમ તે દુષ્ટ પણ તેના પર મોહિત થઈ ગયો ને તેને પોતાના ઘરે લઈ ગયો અને તેને કહ્યું–'હે દેવી ! હું તારા પર મુગ્ધ થયો છું અને તને મારી રાણી બનાવવા ઈચ્છું છું....તું મારી આશા પૂરી કર.'

નિર્દોષ અનંતમતિ તો એ પાપીની વાત સાંભળતા જ ધ્રૂસકે ધ્રૂસકે રોવા લાગી...અરે ! હું શીલવ્રતની ધારક...ને મારા ઉપર આ શું થઈ રહ્યું છે ! જરૂર પૂર્વે કોઈ ગુણીજનોના શીલ પર મેં ખોટા આળ નાખ્યા હશે કે તેમનો અનાદર કર્યો હશે; તે દુષ્ટકર્મને લીધે અત્યારે જ્યાં જાઉં ત્યાં મારા ઉપર આવી વિપત્તિ આવી પડે છે. પણ, હવે વીતરાગધર્મનું મેં શરણ લીધું છે, એના પ્રતાપે શીલવ્રતથી હું ડગવાની નથી; અંતે દેવો પણ મારા શીલની રક્ષા કરશે. ભલે પ્રાણ જાય પણ હું મારા શીલને નહીં છોડું.

તેણે ભીલને કહ્યું : 'અરે દુષ્ટ ! તારી દુર્બુદ્ધિને છોડ. તારા ધનવૈભવથી હું કદી લલચાવાની નથી; તારા ધનવૈભવને હું ધિક્કારું છું.'

અનંતમતિની આવી દૃઢ વાત સાંભળીને ભીલરાજા ગુસ્સે થયો ને નિર્દયપણે તેના પર બળાત્કાર કરવા તૈયાર થયો....

એવામાં અચાનક જાણે આકાશ ફાટ્યું ને એક મહાદેવી ત્યાં પ્રગટ થઈ...એનું દૈવી તેજ તે દુષ્ટ ભીલ સહન ન કરી શક્યો, તેના હોશકોશ ઊડી ગયા...ને હાથ જોડીને ક્ષમા માંગવા લાગ્યો. દેવીએ કહ્યું—'આ મહાન શીલવ્રતી સતી છે, તેને જરાપણ સતાવીશ તો તારું મોત થઈ જશે !' અને અનંતમતિ પર હાથ મૂકીને કહ્યું–'બેટી ! ધન્ય છે તારા શીલને; તું નિર્ભય રહેજે ! શીલવાન સતીનો એક વાળ પણ વાંકો કરવા કોઈ સમર્થ નથી.' આમ કહીને તે દેવી અદૃશ્ય થઈ ગઈ.

ભયભીત થયેલો તે ભીલ અનંતમતિને લઈને ગામમાં એક શેઠને ત્યાં વેચી આવ્યો. તે શેઠે પહેલાં તો એમ કહેલું કે હું અનંતમતિને તેના ઘેર પહોંચાડી દઈશ; પરંતુ તે પણ અનંતમતિનું રૂપ દેખીને કામાંધ થઈ ગયો ને કહેવા લાગ્યો–'હે દેવી ! તારા હૃદયમાં તું મને સ્થાન દે...અને મારા આ અપાર ધનવૈભવને તું ભોગવ.' (ક્રમશઃ)

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

## સુવર્ણપુરી સમાચાર :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ ઓગસ્ટ માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઈચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

卐 આચાર્યદેવ કહે છે કે અનેક પ્રકારના શુભ વિકલ્પો કરવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ થતી નથી. કાર્યસિદ્ધિ તો અનંત અનંત આનંદના સાગર એવા આત્મા તરફ જવાથી જ થાય છે. ત્યાં કેમ જતો નથી ? અનેક પ્રકારના શુભ વિકલ્પોની ક્રિયામાં જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ સ્વાનુભવની કાર્યસિદ્ધિ કરવાથી ભ્રષ્ટ થાય છે. પહેલા આત્માનો નિર્ણય કરીને સ્વાનુભવનો પ્રયત્ન કરવો જોઈએ. એ ન કરતાં શુભ વિકલ્પમાં ને વિકલ્પમાં આગળ વધતો જાય છે તે સ્વાનુભવથી ભ્રષ્ટ થાય છે. અશુભમાં જવાની તો વાત છે જ નહિ. શ્રીમદ્ પણ કહે છે કે એકલું વાંચન કર્યા કરવાથી મનન શક્તિ ઘટે છે. તેમ એકલા શુભ વિકલ્પો ને ક્રિયાકાંડમાં વધતો જાય છે તેમ સ્વાનુભવથી ભ્રષ્ટ થતો જાય છે. સર્વ શાસ્ત્ર જાણવાનો સાર તો આત્માનો અનુભવ કરવો તે છે. બાર અંગમાં પણ આત્માનુભૂતિ જ કરવાનું કહ્યું છે. —*પૂજ્ય ગુરુદેવશ્રી*

## (૮૩)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર કૌંસમાં આપેલ જવાબમાંથી સાચો જવાબ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.)

(૧) જેમ વાદળા વિનાના નિર્મળ આકાશમાં સૂર્ય ઝળહળે છે તેમ ............. રહિત નિર્મળ નિજ જ્ઞાનમાં પરમ શાંત પરમાત્મા દેખાય છે. (યોગ, અવિરતિ, કષાય)

(૨) જે પરમ સમાધિમાં સ્થિત થઈને દેહથી વિભિન્ન જ્ઞાનમય પરમાત્માને દેખે છે, તે જ .......... છે. (અંતરાત્મા, પરમાત્મા, બહિરાત્મા)

(૩) પરદ્રવ્યને વિશે મલિન ઉપયોગરૂપ પરિણતિ તે .............છે. (પરચારિત્ર, સ્વસમય, સ્વચારિત્ર)

(૪) જ્ઞાનાવરણીય કર્મના આસ્રવમાં કોઈ કારણથી જ્ઞાનને છૂપાવવું તે ........... છે. (નિન્હવ, માત્સર્ય, પ્રદોષ)

(૫) જ્યાં સુધી સંજ્વલન કષાયનો અબુદ્ધિપૂર્વકનો અતિસૂક્ષ્મ અંશ પણ વિદ્યમાન હોય ત્યાં સુધી ............ પ્રગટ થતું નથી. (સમ્યગ્દર્શન, મનઃપર્યય, કેવળજ્ઞાન)

(૬) માનતુંગ આચાર્યનો જન્મ ............માં થયો હતો. (વારાણસી, રાજગૃહી, અયોધ્યા)

(૭) જીવને ...........અપેક્ષાએ સત્‌નો વિનાશ અને અસત્‌નો ઉત્પાદ નથી. (ઉત્પાદ, ધ્રૌવ્ય, વ્યય)

(૮) સમકિત પહેલા પણ વિચાર દ્વારા ‘‘આ આત્મા’’ એમ વિકલ્પ સહિત ............ થાય છે. (શ્રદ્ધા, નિર્ણય, અભ્યાસ)

(૯) પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવતા કે દિગંબર જૈન ધર્મ તે જ વાસ્તવિક જૈન ધર્મ છે, અને આંતરિક અને બાહ્ય ............ વિના કોઈ જીવ મોક્ષ પામી શકે નહીં. (વ્રત-તપ, સંયમ, દિગંબરતા)

(૧૦) પૂજ્ય બહેનશ્રી કહે છે કે, ચૈતન્ય ગ્રહણ નથી થતું માટે તેને રટણ મૂકવું જોઈએ નહિ, અંતરમાં નાંખેલ ........... છે તે અંદરમાંથી કામ કર્યા વિના રહેવાના જ નથી. (શાસ્ત્રજ્ઞાન, સંસ્કાર, શુભક્રિયા)

(૧૧) સર્વ જગત ઉપર અધિપત્ય હોવું એ ........... વિક્રિયાઋદ્ધિનો પ્રકાર છે. (ઈશિત્વ, અંતર્ધાન, વશિત્વ)

(૧૨) સમ્યક્ત્વના આઠ અંગમાં રેવતીરાણીની કથા .............અંગમાં પ્રસિદ્ધ છે. (અમૂઢદષ્ટિ, નિઃશંક, સ્થિતિકરણ)

(૧૩) શાતા વેદનીય એ ............. વિપાકી પ્રકૃતિ છે. (ભવ, જીવ, પુદ્‌ગલ)

(૧૪) બારમાં ગુણસ્થાનમાં કર્મબંધ ........... પ્રકૃતિનો થાય છે. (શાતાવેદનીય)
(એક, ચાર, બે)

(૧૫) ............ માં રત જીવ મિથ્યાદ્રષ્ટિ હોય છે તે બહુવિધ કર્મોને બાંધે છે અને તેથી સંસારમાં ભમે છે. (ગુણ, પર્યાય, દ્રવ્ય)

(૧૬) આત્માનો અનુભવ નથી થતો તેમાં દ્રષ્ટિ અને જ્ઞાન બંનેનો દોષ છે, પરંતુ મુખ્ય દોષ .................. નો છે. (જ્ઞાન, દ્રષ્ટિ, ચારિત્ર)

(૧૭) જેવા દીવારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો પ્રકાશ પર્યાય સ્વપરને પ્રકાશે છે તેમ આત્મારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો જ્ઞાન પર્યાય ............... ને જાણે છે.
(જગત, ત્રણકાળની પર્યાય, સ્વપર)

(૧૮) ............. ગુણમાં થતી ષટ્‌ગુણ હાનિવૃદ્ધિને કારણે મુક્ત આત્મામાં સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વર્તે છે. (અગુરુલઘુ, વસ્તુત્વ, દ્રવ્યત્વ)

(૧૯) ઝાડનાં મૂળનો નાશ થતાં તેના પાંદડા અવશ્ય સૂકાઈ જાય છે, તેમ પાંચ ઈન્દ્રિયનાં નાયક એવા ............ને વશ કરી શકાય છે. (મન, વિચાર, જ્ઞાન)

(૨૦) ભોગોની આકાંક્ષાવાળો અને કષાયોથી કલુષિત થયો થકો કામ ભોગથી મૂર્ચ્છિત જીવ ભોગોને ન ભોગવતો હોવા છતાં ............ ભાવથી કર્મોને બાંધે છે.
(શુદ્ધ, અશુદ્ધ, શુદ્ધાશુદ્ધ)

---

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન
## મે-જૂન-જુલાઈ – ૨૦૨૦ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) મોક્ષમાર્ગ | (૮) મનોવતી | (૧૫) મલ્લયુદ્ધ |
| (૨) મલ્લિનાથ | (૯) મલિનતા | (૧૬) મૂક કેવળી |
| (૩) માંગીતુંગી | (૧૦) મેરુ પર્વત | (૧૭) માનસ્તંભ |
| (૪) મતિજ્ઞાન | (૧૧) મિથ્યાત્વ | (૧૮) મૂઢદષ્ટિ |
| (૫) મહાવ્રત | (૧૨) મનોઆહાર | (૧૯) મરિચિકુમાર |
| (૬) મોક્ષતત્ત્વ | (૧૩) મોહ | (૨૦) મરણ |
| (૭) માનતુંગ આચાર્ય | (૧૪) માર્દવ | |

## (૮૩)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

ખાલી જગ્યા યોગ્ય પૂર્ણ કરો.

(૧) તીવ્ર કષાયના ઉદયથી, મૂળ શરીર છોડ્યા વિના બીજાનો ઘાત કરવા માટે આત્મપ્રદેશોનું બહાર નીકળવું તેને ............. સમુદ્‌ઘાત કહે છે.

(૨) નામકર્મ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ............ ક્રોડાક્રોડી સાગરની હોય છે.

(૩) .................. પ્રતિમા સુધીના મધ્યમ શ્રાવક કહેવાય છે.

(૪) જે સમય આવ્યે ઉદયમાં આવીને ખરી જાય તેને ................ નિર્જરા કહે છે.

(૫) જે ભયથી, લજ્જાથી તથા લાભથી પણ હિંસાના આરંભને ધર્મ ન માને તે જ્ઞાનીને ........................ ગુણ હોય છે.

(૬) નરક અને નિગોદના જીવોને માત્ર ............. નો જ આહાર હોય છે.

(૭) બધા ચક્રવર્તીના શરીરનો રંગ ................ સમાન હોય છે.

(૮) ક્ષયોપશમ સમ્યક્ત્વનો કાળ ................ હોય છે.

(૯) લોકાકાશની બહાર એકલું ................. દ્રવ્ય જ રહેલું છે.

(૧૦) દ્રવ્યદૃષ્ટિએ પરિણામ અને પરિણામી બંને અભેદ છે તેને .................. ભેદ નથી.

(૧૧) કર્તા-કર્મ અને ક્રિયા ત્રણેય એક દ્રવ્યની ................... અવસ્થાઓ છે.

(૧૨) એક દ્રવ્યના બે .............. ન હોય.

(૧૩) દૂધમાં દહીંની પર્યાયનો અભાવ તેને ................... કહે છે.

(૧૪) તીર્થંકર ભગવાનના જન્મ વખતે .................... જાતના વાજિંત્ર વાગે છે.

(૧૫) તીર્થંકર ભગવાન દીક્ષા લ્યે ત્યારે સૌથી પ્રથમ .................. રાજા પાલખી ઉપાડે છે.

(૧૬) જે પરપદાર્થના પરિણામ છે તેને આત્માના પરિણામ માને તે ............... સંબંધી ભૂલ કરે છે.

(૧૭) પંકભાગમાં ....................... ના નિવાસસ્થાન છે.

(૧૮) શ્રીકૃષ્ણનું મૃત્યુ ................ વનમાં .................. ના હાથે થયું હતું.

(૧૯) એક ઇન્દ્રિય જીવને ............ પર્યાપ્તિ હોય છે.

(૨૦) સ્વ-પરના યથાર્થ સ્વરૂપથી વિપરીત શ્રદ્ધાનનું નામ .................... છે.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન
## મે-જૂન-જુલાઈ – ૨૦૨૦ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) અમિતગતિ | (૭) દ્રવ્યત્વ | (૧૪) નામકર્મ |
| (૨) હનુરૂહ | (૮) એકાંત | (૧૫) અગુરુલઘુ |
| (૩) પદ્મ | (૯) મોહનીય | (૧૬) ઉત્કૃષ્ટ |
| (૪) દોલતરામજી | (૧૦) અતિવ્યાપ્તિ | (૧૭) સુખ |
| (૫) ૧૧ | (૧૧) અનાદિ અનંત | (૧૮) અવ્યક્તના |
| (૬) મલ્લિનાથ નમિનાથ | (૧૨) સાંપરાયિક | (૧૯) ૩૨ – ૪૬ |
| | (૧૩) નિર્વિચિકિત્સા | (૨૦) સૂક્ષ્મ સાંપરાય |

(અનુસંધાન પેજ નં. ૨૫ થી ચાલુ) (બહેનશ્રીની તત્ત્વચર્ચા)

આવે છે, તે બધું સાથે હોય છે; પણ મોક્ષનો ઉપાય તો અંતરમાં એક સમ્યગ્દર્શનની સહજધારા ચાલે તે છે. સમ્યગ્દષ્ટિને સહજ જ્ઞાતાધારા ચાલે છે અને તે સહજ પુરુષાર્થથી ચાલે છે. તેણે સહજ માર્ગ જાણી લીધો છે. અનુભવ પહેલાં જિજ્ઞાસુને પણ અભ્યાસ તો એક જ કરવાનો છે, જે માર્ગ છે તે માર્ગનો જ અભ્યાસ કરવાનો છે. અભ્યાસ ન થાય તો વારંવાર પુરુષાર્થ કરવો; પણ માર્ગ તો એક જ છે. ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું? કે આત્મા આત્મામાં ઠરી ન જાય ત્યાં સુધી ધારાવાહી ભાવવું, એમ સમયસારમાં આવે છે. ※

પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો મહામંગલકારી ૧૦૭મો જન્મજયંતી મહોત્સવ તા. ૧-૮-૨૦૨૦ થી તા. ૫-૮-૨૦૨૦—પાંચ દિવસ સુધી ઓનલાઈન પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, પંચપરમેષ્ઠી પૂજન વિધાન, ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ઘણા જ ઉત્સાહ તથા ભક્તિભાવપૂર્વક મનાવવામાં આવશે.

શ્રી દશલક્ષણ પર્યુષણ પર્વ તા. ૨૩-૮-૨૦૨૦ થી તા. ૧-૯-૨૦૨૦ સુધી તથા ઉત્તમ ક્ષમાવણી પર્વ તા. ૩-૯-૨૦૨૦ પ્રસંગે ઓનલાઈન કાર્યક્રમ રાખવામાં આવશે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● ક્યાંય રોકાઈશ નહી. વિકલ્પની કાંઈ પણ ખટક રહ્યા કરશે ત્યાં સુધી અંદર નહીં જઈ શકે. હમણાં યુવાની છે માટે રળી લઈએ—એ રહેવા દે બાપુ ! મોત માથે નગારાં વગાડે છે. 'પછી કરીશ. પછી કરીશ' એમ રહેવા દે. અંદરમાં કાંઈ પણ વિકલ્પ રહેશે કે 'આ કરું આ કરું'—એમ વાયદા કરીશ તો અંદર જઈ શકીશ નહીં. ૪૧૨.

● દ્રવ્ય સદા નિર્લેપ છે. કોને ?—જે તેને જાણે એને. સંયોગ ને રાગ ઉપરથી દૃષ્ટિ છોડીને, એક સમયની જે હૈયાતી છે તેનું લક્ષ છોડીને ભગવાન જે નિર્લેપ છે તેની દૃષ્ટિ કરે તો સમ્યગ્દર્શન થાય. ૪૧૩.

● આ આત્મા પ્રત્યક્ષ છે. જેમ સામે કોઈ ચીજ પ્રત્યક્ષ હોય છે ને ! તેમ આ આત્મા પ્રત્યક્ષ છે તેને દેખ ! તેમ આચાર્યદેવ કહે છે. આ શરીર છે, કુટુંબ છે, ધન, મકાન, વૈભવ છે—એમ તું દેખે છો, પણ એ બધાં તો તારાથી અત્યંત ભિન્ન પરદ્રવ્ય છે. તેનાથી ભિન્ન આ આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ છે. તેને દેખ ! તો તારો મોહ તુરત નાશ થઈ જશે. ૪૧૪.

● પ્રશ્ન :—સમ્યગ્દર્શન થયા પહેલા અનુમાનજ્ઞાનથી આત્મા જેવો છે તેવો જાણી શકાય ખરો ?

ઉત્તર :—પહેલાં અનુમાનજ્ઞાનથી ઓઘે-ઓઘે જાણે, પણ સ્વાનુભવમાં જ યથાર્થ આત્મા જેવો છે તેવો જણાય છે.

પ્રશ્ન :—અનુમાનજ્ઞાનથી આત્મા જાણનારને પર્યાયમાં ભૂલ છે કે આત્મા જાણવામાં ભૂલ છે ?


ઉત્તર :—અનુમાન જ્ઞાનવાળાએ આત્મા યથાર્થ જાણ્યો જ નથી. આત્માને જાણવામાં ભૂલ છે. સ્વાનુભવ પ્રત્યક્ષથી જ આત્મા જેવો છે તેવો જાણવામાં આવે છે. અનુમાનથી તો શાસ્ત્ર ને સર્વજ્ઞ કહે છે તેવો આત્મા જાણે છે, પણ યથાર્થ તો સ્વાનુભવમાં જ જણાય છે. સ્વાનુભવથી જાણ્યા વિના આત્મા યથાર્થ જાણવામાં આવતો નથી. ૪૧૫.

● આહાહા ! આનંદનો નાથ પરમાત્મસ્વરૂપ આત્મા એ મહાગંભીર વસ્તુ છે. લોકોને અજાણ્યું લાગે. જેમ અજાણ્યા દેશમાં જાય ને અજાણ્યું-અજાણ્યું લાગે. પણ બાપુ ! આ તો ભગવાનના દેશની વાતો છે. એને રુચિથી સાંભળે તો તેના પોતાના ઘરની જ છે. અજાણ્યું કાંઈ નથી. પોતાનું જ છે. અનંત અનંત જન્મ-મરણના નાશની વાતો છે. તેનો અભ્યાસ જોઈએ. નિવૃત્તિ જોઈએ. લૌકિક ભણતરમાં પણ દસ-પંદર વર્ષ ગાળે છે તો આમાં થોડો વખત લઈને અભ્યાસ કરવો જોઈએ. આ વસ્તુ ગંભીર છે. નિશ્ચય કઈ વિધિથી છે, વ્યવહાર કઈ વિધિથી છે, વિગેરે જાણવું જોઈએ. આ તો સર્વજ્ઞે જાણીને કહેલી વાતો છે એને રુચિથી અંદરમાં જઈને અનુભવે તો એનો મહિમા કેવો ને કેટલો છે તે ખ્યાલમાં આવે. ૪૧૬.

આત્મધર્મ
ઓગસ્ટ-૨૦૨૦
અંક-૧૦ ● વર્ષ-૧૪

Posted at Songadh PO
Publish on 1-8-2020
Posted on 1-8-2020

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org